# 3

# કંપનીના વાર્ષિક હિસાબો
# (Company Final Accounts)


1. પ્રસ્તાવના
2. નાણાકીય પત્રકોનો અર્થ
3. નાણાકીય વર્ષ
4. નાણાકીય પત્રકોનાં લક્ષણો
5. નાણાકીય પત્રકો તૈયાર કરવાના હેતુઓ
6. પાકા સરવૈયાનો નમૂનો અને સામાન્ય સૂચનાઓ
7. નફા-નુકસાનના પત્રકનો નમૂનો અને સામાન્ય સૂચનાઓ

– સ્વાધ્યાય


**1. પ્રસ્તાવના (Introduction)**

કંપનીનાં નાણાકીય પત્રકો શૅરહોલ્ડર્સ, કરવેરાના સત્તાધીશો, વિશ્લેષણકારો, સંચાલકો અને અન્ય હિત ધરાવનારાઓ માટે ખૂબ જ અગત્યનાં છે. નાણાકીય પત્રકો કંપનીના નાણાકીય દેખાવ અને નાણાકીય સ્થિતિ વિશે માહિતી આપે છે. કંપનીધારા 2013ની કલમ 129(1) મુજબ નાણાકીય પત્રકો કંપનીની સાચી અને વાજબી પરિસ્થિતિનો ખ્યાલ આપે છે. આ ઉપરાંત કલમ 133 હેઠળ નિર્દિષ્ટ કરેલ હિસાબી ધોરણોનો તે અમલ કરે છે. કંપનીનાં નાણાકીય પત્રકો કંપનીધારા 2013ના પરિશિષ્ટ IIIમાં દર્શાવેલ નમૂના મુજબ જ તૈયાર કરવા જરૂરી છે. કલમ 129(1)માં જણાવ્યા મુજબ વીમા કંપની, વીજળી કંપની અને બૅન્કિંગ કંપનીઓને નાણાકીય પત્રકોના આ નમૂનાઓ લાગુ પડતા નથી. આ પ્રકરણમાં કંપનીધારા 2013 અનુસાર કંપનીના વાર્ષિક હિસાબો કેવી રીતે તૈયાર કરવામાં આવે છે તેનો અભ્યાસ કરીશું.

**2. નાણાકીય પત્રકોનો અર્થ (Meaning of Financial Statements)**

નાણાકીય પત્રકો એટલે હિસાબી સમય પૂરો થતાં હિસાબોની પ્રક્રિયાને અંતે હિસાબી માહિતીને સંક્ષિપ્તમાં રજૂ કરતાં પત્રકો. નાણાકીય પત્રકો તેના આંતરિક અને બાહ્ય ઉપયોગકર્તાઓને હિસાબી પરિણામોની જાણ કરે છે.

કંપનીધારા 2013ની કલમ 2(40) મુજબ કંપનીનાં નાણાકીય પત્રકોમાં નીચેનાંનો સમાવેશ થાય છે.

(i) નાણાકીય વર્ષને અંતે પાકું સરવૈયું

(ii) નાણાકીય વર્ષ માટે નફા-નુકસાન ખાતું અથવા નફા માટે પ્રવૃત્તિ નહિ કરતી કંપની માટે ઊપજ-ખર્ચ ખાતું

(iii) નાણાકીય વર્ષ માટે રોકડ પ્રવાહ પત્રક

(iv) ઈક્વિટીમાં ફેરફાર દર્શાવતું પત્રક, જો લાગુ પડતું હોય તો

(v) હિસાબોને લગતી નોંધો

અહીં એ બાબત નોંધપાત્ર છે કે પાકું સરવૈયું કોઈ ચોક્કસ સમયે નાણાકીય સ્થિતિ દર્શાવે છે. તેથી તેનું શીર્ષક ''તા. ..........ના રોજનું પાકું સરવૈયું'' એમ આપવામાં આવે છે. નફા-નુકસાનનું પત્રક કોઈ ચોક્કસ સમય, જે તારીખે પૂરો થતો હોય તે સમયનો નફો કે નુકસાન દર્શાવે છે તેથી તેનું શીર્ષક 'તા. ..........ના રોજ પૂરા થતા વર્ષનું નફા-નુકસાન ખાતું'' એમ આપવામાં આવે છે. જો નફા-નુકસાન ખાતું એક વર્ષથી વધારે કે ઓછા સમય માટે તૈયાર કરવામાં આવતું હોય તો તેના શીર્ષકમાં 'વર્ષ'ના બદલે 'સમય' શબ્દનો ઉપયોગ કરવામાં આવે છે. દા.ત., કંપનીની સ્થાપના 1 ઑક્ટોબર, 2016ના રોજ કરવામાં આવી હોય તો પ્રથમ નફા-નુકસાનનું પત્રક તા. 31 માર્ચ, 2017 સુધી પૂરા થતા છ માસ માટે તૈયાર કરવામાં આવશે.

આ સંજોગોમાં નફા-નુકસાનના પત્રકનું શીર્ષક 'તા. 31-3-2017ના રોજ પૂરા થતા સમય માટે નફા-નુકસાનનું પત્રક' એમ આપવામાં આવશે અથવા ''તા. 31-3-2017ના રોજ પૂરા થતા છ માસના સમય માટે નફો-નુકસાન દર્શાવતું પત્રક'' એમ આપવામાં આવશે.

### 3. નાણાકીય વર્ષ (Financial Year)

કંપનીધારા 2013ની કલમ 2(41) મુજબ કોઈ પણ કંપનીના સંદર્ભમાં 'નાણાકીય વર્ષ' એટલે દર વર્ષે 31 માર્ચના રોજ પૂરો થતો સમય. જો કોઈ પણ વર્ષમાં 1 જાન્યુઆરીના રોજ કે તે પછી કંપનીની સ્થાપના થયેલ હોય તો કંપનીનું નાણાકીય વર્ષ તે પછીના વર્ષે પૂરા થતા 31 માર્ચ સુધીનું ગણાશે. સામાન્ય રીતે નાણાકીય વર્ષ 12 માસનું હોય છે જેનો સમયગાળો 1 એપ્રિલથી બીજા કેલેન્ડર વર્ષની 31 માર્ચ સુધીનો હોય છે.

### 4. નાણાકીય પત્રકોનાં લક્ષણો (Characteristics of Financial Statements)

નાણાકીય પત્રકોનાં કેટલાંક લક્ષણો નીચે મુજબ છે :

(1) નાણાકીય પત્રકોને ઐતિહાસિક પત્રકો કહેવામાં આવે છે. કારણ કે તે ભૂતકાળના સમયને લગતા હોય છે.

(2) નાણાકીય પત્રકોમાં દર્શાવવામાં આવતા આંકડાઓ નાણાંના સ્વરૂપમાં દર્શાવવામાં આવે છે.

(3) નાણાકીય પત્રકો નોંધાયેલ સત્યો આધારિત હોય છે અને કેટલાંક મહત્ત્વનાં સત્યો નોંધાતાં નથી.
દા.ત., જ્યારે પાઘડી મેળવવા માટે કોઈ ખર્ચ કરેલ ન હોય ત્યારે ઉપાર્જિત પાઘડી હિસાબી ચોપડે નોંધાતી નથી.

(4) નફા-નુકસાન ખાતું આપેલ સમય માટેનો નફો કે નુકસાન દર્શાવે છે તેથી તે કંપનીની નાણાકીય કામગીરીનો દેખાવ દર્શાવે છે.

(5) પાકું સરવૈયું કોઈ ચોક્કસ સમયે ઇક્વિટી, જવાબદારીઓ અને મિલકતોની સ્થિતિ દર્શાવે છે. આમ તે કંપનીની નાણાકીય સ્થિતિનો ખ્યાલ આપે છે.

(6) નાણાકીય પત્રકો નામાના સર્વસામાન્ય સ્વીકૃત સિદ્ધાંતોના આધારે તૈયાર કરવામાં આવે છે.

(7) નાણાકીય પત્રકો તૈયાર કરતી વખતે કેટલીક બાબતોમાં હિસાબી ધોરણો પ્રમાણે એકથી વધારે વિકલ્પો ઉપલબ્ધ હોઈ શકે. દા.ત., માલસામગ્રીનું મૂલ્યાંકન અને ઘસારાની જોગવાઈ માટે નાણાકીય પત્રકો તૈયાર કરનારને વિકલ્પની પસંદગી કરવા અંગે સ્વતંત્રતા છે.

### 5. નાણાકીય પત્રકો તૈયાર કરવાના હેતુઓ (Objectives of Preparing Financial Statements)

નાણાકીય પત્રકો તૈયાર કરવાના કેટલાક હેતુઓ નીચે મુજબ છે :

(1) કંપનીની નાણાકીય કામગીરી વિશે સાચો અને વ્યાજબી ખ્યાલ મેળવવો.

(2) કંપનીની નાણાકીય સ્થિતિ અંગે સાચો અને વ્યાજબી ખ્યાલ મેળવવો.

(3) કાયદાકીય જરૂરિયાતોનું પાલન કરવું.

(4) વિવિધ હિત ધરાવનારાઓને કંપનીની નાણાકીય માહિતીની જાણ કરવી.

### 6. પાકા સરવૈયાનો નમૂનો અને સામાન્ય સૂચનાઓ (Form of Balance Sheet and General Instructions)

કંપનીધારા 2013ના પરિશિષ્ટ IIIના ભાગ Iમાં પાકા સરવૈયાનો નમૂનો આપેલ છે. કંપનીનું પાકું સરવૈયું આ નમૂના મુજબ જ તૈયાર કરવું જરૂરી છે. પરિશિષ્ટ IIIમાં ફક્ત ઊભા સ્વરૂપે જ પાકું સરવૈયું આપેલ છે. પાકા સરવૈયાનું સ્વરૂપ પાના નંબર 118 પર દર્શાવ્યા મુજબ છે :

**પાકું સરવૈયું**

**કંપનીનું નામ ..........................................**

**તા. ...........ના રોજનું પાકું સરવૈયું**

| વિગત<br><br>(1) | નોંધ નંબર<br><br>(2) | ચાલુ વર્ષના આંકડાઓ (₹)<br>(3) | અગાઉના વર્ષના આંકડાઓ (₹)<br>(4) |
|---|---|---|---|
| **I ઈક્વિટી અને જવાબદારીઓ :** | | | |
| **(1) શૅરહોલ્ડર્સનાં ભંડોળો :** | | | |
| (a) શૅરમૂડી | | | |
| (b) અનામત અને વધારો | | | |
| (c) શૅરવોરંટ સામે મળેલ રકમ | | | |
| **(2) મંજૂરી બાકી હોય તેવી શૅરઅરજીની મળેલ રકમ** | | | |
| **(3) બિનચાલુ જવાબદારીઓ** | | | |
| (a) લાંબા ગાળાનાં ઉછીનાં નાણાં | | | |
| (b) મુલતવી કરવેરા જવાબદારીઓ (ચોખ્ખી) | | | |
| (c) અન્ય લાંબા ગાળાની જવાબદારીઓ | | | |
| (d) લાંબા ગાળાની જોગવાઈઓ | | | |
| **(4) ચાલુ જવાબદારીઓ** | | | |
| (a) ટૂંકા ગાળાનાં ઉછીનાં નાણાં | | | |
| (b) વેપારી દેવાં | | | |
| (c) અન્ય ચાલુ જવાબદારીઓ | | | |
| (d) ટૂંકા ગાળાની જોગવાઈઓ | | | |
| **કુલ** | | | |
| **II મિલકતો :** | | | |
| **(1) બિનચાલુ મિલકતો :** | | | |
| (a) કાયમી મિલકતો | | | |
| (i) દૃશ્ય મિલકતો | | | |
| (ii) અદૃશ્ય મિલકતો | | | |
| (iii) અર્ધતૈયાર મૂડી મિલકતો | | | |
| (iv) વિકસતી અદૃશ્ય મિલકતો | | | |
| (b) બિનચાલુ રોકાણો | | | |
| (c) મુલતવી કરવેરા મિલકતો (ચોખ્ખી) | | | |
| (d) લાંબા ગાળાની લોન અને ધિરાણો | | | |
| (e) અન્ય બિનચાલુ મિલકતો | | | |

| | | | |
|---|---|---|---|
| **(2) ચાલુ મિલકતો :** | | | |
| (a) ચાલુ રોકાણો | | | |
| (b) માલસામગ્રી | | | |
| (c) વેપારી લેણાં | | | |
| (d) રોકડ અને રોકડ સમકક્ષ | | | |
| (e) ટૂંકા ગાળાની લોન અને ધિરાણો | | | |
| (f) અન્ય ચાલુ મિલકતો | | | |
| **કુલ** | | | |

**નોંધ :** કંપનીના ઊભા પાકા સરવૈયામાં કુલ ચાર ખાના રાખવામાં આવેલ છે. પાકા સરવૈયાના મુખ્ય બે શીર્ષકો છે. (i)ઇક્વિટી અને જવાબદારીઓ (ii) મિલકતો. પહેલા ખાનામાં વિગતોનાં સ્વરૂપે ઇક્વિટી અને જવાબદારીઓ તેમજ મિલકતો અને તેમના પેટા શીર્ષકો દર્શાવવામાં આવે છે. બીજું ખાનું નોંધનાં સ્વરૂપે રાખવામાં આવેલ છે. દરેક શીર્ષકનાં પેટા શીર્ષકો છે. પેટા શીર્ષકોનાં પણ વિવિધ અંગો છે. તેથી તે તમામની વિગતો એક જ સ્થાને સમાવવામાં આવે તો પાકા સરવૈયાનું કદ અસામાન્ય બને છે. તેથી દરેક પેટા શીર્ષકને મુખ્ય શીર્ષક હેઠળ દર્શાવવામાં આવે છે. અને પેટા શીર્ષકનાં વિવિધ અંગોની વિસ્તૃત જાણકારી આપવા જે નંબર દર્શાવેલ હોય તે નંબર પ્રમાણે **હિસાબોને લગતી નોંધો**માં દર્શાવવામાં આવે છે. તેની સમજૂતી હવે પછી આપવામાં આવેલ છે. ત્રીજા ખાનામાં ચાલુ વર્ષનાં આંકડા અને ચોથા ખાનામાં ચાલુ વર્ષ અગાઉના એટલે પાછલા વર્ષનાં આંકડાઓ દર્શાવવામાં આવે છે. જેથી અભ્યાસકર્તા નજીકના બે વર્ષની સરખામણી કરી શકે.

નફા-નુકસાનનાં પત્રકમાં પણ આ જ પ્રમાણે ખાનાઓ બનાવીને નફા-નુકસાનનું પત્રક તૈયાર કરવામાં આવે છે.

- **પાકું સરવૈયું તૈયાર કરવાની સામાન્ય સૂચનાઓ :**

(1) કોઈ પણ મિલકતને ચાલુ મિલકત ત્યારે કહેવામાં આવશે જ્યારે તે નીચેની શરતોમાંથી કોઈ પણ એક શરતનું પાલન કરે.

(a) જ્યારે તે કંપનીના સામાન્ય કામગીરી ચક્ર દરમિયાન રોકડમાં રૂપાંતર થવા પાત્ર હોય કે વેચાણનો ઇરાદો હોય કે વપરાશ થવા પાત્ર હોય. (b) વેપાર કરવાના હેતુથી પ્રાથમિક રીતે ધારણ કરવામાં આવેલ હોય. (c) અહેવાલની તારીખ પછીના 12માસની અંદર રોકડમાં રૂપાંતર થવા અપેક્ષિત હોય.

**રોકડનું કાચા માલમાં રૂપાંતર, કાચા માલનું તૈયાર માલમાં રૂપાંતર, તૈયાર માલનું દેવાદારોમાં રૂપાંતર અને છેલ્લે દેવાદારોનું રોકડમાં રૂપાંતરની પ્રક્રિયાને કામગીરી ચક્ર કહેવામાં આવે છે.**

ચાલુ મિલકતો સિવાયની અન્ય મિલકતોને બિનચાલુ મિલકતો તરીકે વર્ગીકૃત કરવામાં આવે છે.

(2) કોઈ પણ જવાબદારીને ચાલુ જવાબદારી કહેવામાં આવશે. જો તે નીચેની શરતોમાંથી કોઈ પણ એક શરતનું પાલન કરે.

(a) કંપનીના સામાન્ય કામગીરીચક્ર સમય દરમિયાન તેની ચૂકવણી અપેક્ષિત હોય. (b) વેપાર કરવાના હેતુથી ધારણ કરવામાં આવેલ હોય અને (c) અહેવાલની તારીખ પછીના 12 માસ સુધીના સમય દરમિયાન ચૂકવવાપાત્ર હોય.

ચાલુ જવાબદારી સિવાયની અન્ય જવાબદારીઓને બિનચાલુ જવાબદારી તરીકે વર્ગીકૃત કરવામાં આવે છે.

(3) ધંધાના સામાન્ય સમય દરમિયાન વેચેલ માલ કે આપેલ સેવાના સંદર્ભમાં મળવાપાત્ર રકમને 'વેપારી લેણાં' તરીકે વર્ગીકૃત કરવામાં આવશે.

(4) ધંધાના સામાન્ય સમય દરમિયાન ખરીદેલ માલ કે સેવાના સંદર્ભમાં ચૂકવવાપાત્ર રકમને 'વેપારી દેવાં' તરીકે વર્ગીકૃત કરવામાં આવશે.

(5) કંપનીએ નીચે મુજબની બાબતો હિસાબી નોંધોના સ્વરૂપમાં રજૂ કરવી જરૂરી છે.

**(I) ઇક્વિટી અને જવાબદારીઓ :**

**(1) શૅરહોલ્ડર્સના ભંડોળો**

**(A) શૅરમૂડી :**

દરેક પ્રકારની શૅરમૂડી માટે (જુદા જુદા પ્રકારના પ્રેફરન્સ શૅરને જુદી રીતે નોંધવામાં આવશે.)

(a) સત્તાવાર શૅરની સંખ્યા અને તેની રકમ

(b) બહાર પાડેલ, ભરપાઈ થયેલ અને સંપૂર્ણપણે ચૂકતે થયેલ અને ભરપાઈ થયેલ પરંતુ સંપૂર્ણપણે ચૂકતે ન થયેલ

(c) શૅર દીઠ મૂળકિંમત
(d) અહેવાલના સમયની શરૂઆતથી અંત સુધીમાં શૅરની સંખ્યામાં થયેલ ફેરફારની મેળવણી
(e) હક્કના શૅર, પ્રેફરન્સ શૅર અને દરેક વર્ગના શૅર પર કોઈ અંકુશ તેમજ ડિવિડન્ડ અને મૂડી પરત કરવાના અંકુશ અંગે રજૂઆત
(f) કંપનીના 5 %થી વધારે શૅર ધારણ કરનાર દરેક શૅરહોલ્ડરની યાદી
(g) કોઈ જામનગીરી જેનું ઇક્વિટી શૅર કે પ્રેફરન્સ શૅરમાં રૂપાંતર થવા પાત્ર હોય તો તેની રૂપાંતર થવાના તારીખનાં ક્રમમાં માહિતી
(h) બાકી હપતા
(i) જપ્ત થયેલ શૅરની વસુલ આવેલ રકમ

**(B) અનામતો અને વધારો :**

(i) અનામતો અને વધારાનું વર્ગીકરણ નીચે મુજબ કરવામાં આવશે :
(a) મૂડી અનામત
(b) મૂડી પરત અનામત
(c) જામીનગીરી પ્રીમિયમ અનામત
(d) ડિબેન્ચર પરત અનામત
(e) પુનઃમૂલ્યાંકન અનામત
(f) શૅર વિકલ્પ બાકી ખાતું
(g) અન્ય અનામતો જેવી કે ડિવિડન્ડ સમતુલા ભંડોળ, રોકાણ અનામત
(h) નફા-નુકસાનના પત્રકનો વધારો અને તેમાંથી ડિવિડન્ડ, બૉનસ શૅર અને અનામતો ખાતે કરેલ ફાળવણી

(ii) જે અનામતોનું રોકાણ કરેલ હોય તેને 'ભંડોળ' તરીકે દર્શાવવામાં આવશે. દા.ત., અનામત ભંડોળ, ડિબેન્ચર પરત ભંડોળ

(iii) નફા-નુકસાનના પત્રકની ઉધાર બાકી (ચોખ્ખી ખોટ), 'વધારા'ના શીર્ષક હેઠળ ઋણ રકમ તરીકે દર્શાવવામાં આવશે. તે જ રીતે આ ઋણ રકમ 'અનામત અને વધારા'ના શીર્ષક હેઠળ બાદ કરીને 'અનામત અને વધારા'ની ચોખ્ખી રકમ, તે ઋણ થતી હોય તોપણ અનામત અને વધારા તરીકે જ દર્શાવવામાં આવશે.

**(C) શૅરવૉરંટ સામે મળેલ રકમ :**

**(2) મંજૂરી બાકી હોય તેવી શૅરઅરજીની મળેલ રકમ :**

**(3) બિનચાલુ જવાબદારીઓ :**

**(a) લાંબા ગાળાનાં ઉછીનાં નાણાં :**

(i) લાંબા ગાળાનાં ઉછીનાં નાણાંનું વર્ગીકરણ નીચે મુજબ કરવામાં આવશે :
(a) બોન્ડ / ડિબેન્ચર
(b) મુદતી લોન (A) બૅન્કમાંથી (B) અન્ય પક્ષો પાસેથી
(c) મુલતવી ચૂકવણીની જવાબદારીઓ
(d) થાપણો
(e) સંબંધિત પક્ષો પાસેથી લીધેલ લોન અને ધિરાણો
(f) નાણાકીય ભાડાપટ્ટાની લાંબા ગાળાની જવાબદારીઓ
(g) અન્ય લોન અને ધિરાણો

(ii) ઉછીનાં નાણાં તારણવાળાં અને તારણ વગરનાં એમ પેટા વિભાગોમાં વર્ગીકૃત કરવામાં આવશે. દરેક કિસ્સામાં તારણનું સ્વરૂપ આપવામાં આવશે.
(iii) કંપનીના ડિરેક્ટર્સ દ્વારા બાંયધરી આપવામાં આવેલ હોય તેવી લોન અને ધિરાણ અને તેની કુલ રકમ
(iv) વ્યાજનો દર અને પરત કરવાની વિગતો સહિત બોન્ડ અને ડિબેન્ચર તેની તારીખનાં ઊતરતા ક્રમમાં
(v) મુદતી લોન ચૂકવણીની શરતો
(vi) પાકા સરવૈયાની તારીખે લોનની તેમજ વ્યાજની ચૂકવણી ન કરેલ હોય તેની વિગત

**(b) મુલતવી કરવેરા જવાબદારીઓ :**

**(c) અન્ય લાંબા ગાળાની જવાબદારીઓ :**

અન્ય લાંબા ગાળાની જવાબદારીઓને નીચે મુજબ વર્ગીકૃત કરવામાં આવશે :

(a) વેપારી દેવાં

(b) અન્ય દા.ત., પ્રોવિડન્ટ ફંડ, પેન્શન ફંડ, ગ્રેજ્યુઇટી ફંડ

**(d) લાંબા ગાળાની જોગવાઈઓ :**

**(4) ચાલુ જવાબદારીઓ :**

**(a) ટૂંકા ગાળાનાં ઉછીનાં નાણાં :**

(i) ટૂંકા ગાળાનાં ઉછીનાં નાણાંને નીચે મુજબ વર્ગીકૃત કરવામાં આવશે :

(a) માંગ પર ચૂકવવાપાત્ર લોન

(A) બૅન્કો પાસેથી (B) અન્ય પક્ષો પાસેથી

(b) સંબંધિત પક્ષકારો પાસેથી લોન અને ધિરાણો

(c) થાપણો

(d) અન્ય લોન અને ધિરાણો

(ii) ઉછીનાં નાણાંને તારણવાળાં અને તારણ વગરનાં એમ પેટા વિભાગોમાં વર્ગીકૃત કરવામાં આવશે. દરેક કિસ્સામાં તારણમાં આપેલ જામીનગીરીનું સ્વરૂપ સ્પષ્ટ કરવું.

(iii) કંપનીના ડિરેક્ટર્સ દ્વારા બાંયધરી આપવામાં આવેલ હોય તેવી લોન અને ધિરાણ અને તેની કુલ રકમ

(iv) પાકા સરવૈયાની તારીખે લોનની તેમજ વ્યાજની ચૂકવણી ન કરેલ હોય તેની વિગત

**(b) વેપારી દેવા :**

**(c) અન્ય ચાલુ જવાબદારીઓ :**

અન્ય ચાલુ જવાબદારીઓને નીચે મુજબ વર્ગીકૃત કરવામાં આવશે :

(a) લાંબા ગાળાનાં દેવાં જે આવતા વર્ષે ચૂકવવાપાત્ર

(b) નાણાકીય ભાડાપટ્ટો, જે આવતા વર્ષે ચૂકવવાપાત્ર

(c) ઉછીનાં લીધેલ નાણાં પર ચઢેલ પરંતુ ચૂકવવા પાત્ર નહિ થયેલ વ્યાજ

(d) ઉછીનાં લીધેલ નાણાં પર ચૂકવવાપાત્ર થયેલ વ્યાજ

(e) અગાઉથી મળેલ આવક

(f) નહિ ચૂકવેલ ડિવિડન્ડ

(g) જામીનગીરીની મંજૂરી માટે મળેલ અરજીની રકમ જે પરત કરવાપાત્ર હોય અને તેના પર ચઢેલ વ્યાજ

(h) નહિ ચૂકવેલ પાકેલ થાપણો અને તેના પર ચઢેલું વ્યાજ

(i) નહિ ચૂકવેલ પાકેલ ડિબેન્ચર્સ અને તેના પર ચઢેલું વ્યાજ

(j) અન્ય ચૂકવવાપાત્ર દેવાં

(k) અન્ય દા.ત., અગાઉથી મળેલ હપતા

**(d) ટૂંકા ગાળાની જોગવાઈઓ :**

ટૂંકા ગાળાની જોગવાઈઓને નીચે મુજબ વર્ગીકૃત કરવામાં આવશે :

(a) કર્મચારી લાભ માટે જોગવાઈ

(b) અન્ય જોગવાઈઓ જેવી કે કરવેરાની જોગવાઈ, સૂચિત ડિવિડન્ડ, શકમંદ લેણાં જોગવાઈ વગેરે.

**(II) મિલકતો :**

**(1) બિનચાલુ મિલકતો :**

**(a) સ્થિર મિલકતો :**

**(i) દૃશ્ય મિલકતો :**

દૃશ્ય મિલકતો નીચે મુજબ વર્ગીકૃત કરવામાં આવશે :

(i) (a) જમીન (b) મકાન (c) પ્લાન્ટ અને યંત્રો

(d) ફર્નિચર અને ફિક્શ્ચર્સ (e) વાહનો (f) ઑફિસનાં સાધનો

(g) અન્ય

(ii) ભાડાપટ્ટાની મિલકતો

**(ii) અદૃશ્ય મિલકતો :**

નીચે મુજબ વર્ગીકૃત કરવામાં આવશે :

(a) પાઘડી

(b) બ્રાન્ડ / ટ્રેડમાર્ક

(c) કમ્પ્યૂટરના સૉફ્ટવેર

(d) પ્રકાશનના હક્કો

(e) ખાણના હક્કો

(f) કૉપીરાઇટ અને પેટન્ટ

(g) ટેક્નિકલ જાણકારી, બનાવવાની રીત

(h) લાયસન્સ અને ફ્રેન્ચાઇઝ

(i) અન્ય

**(iii) અર્ધતૈયાર મૂડી મિલકતો :**

**(iv) વિકસીત અદૃશ્ય મિલકતો :**

**(b) બિનચાલુ રોકાણો :**

નીચે મુજબ વર્ગીકૃત કરવામાં આવશે :

(a) મિલકતોમાં રોકાણો

(b) ઇક્વિટી જામીનગીરીમાં રોકાણો

(c) પ્રેફરન્સ શૅરમાં રોકાણો

(d) સરકારી અને ટ્રસ્ટ જામીનગીરીઓમાં રોકાણ

(e) ડિબેન્ચર અને બૉન્ડમાં રોકાણ

(f) મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણો

(g) ભાગીદારી પેઢીમાં રોકાણ

(h) અન્ય બિનચાલુ રોકાણો

**(c) મુલતવી કરવેરા મિલકતો :**

**(d) લાંબા ગાળાની લોન અને ધિરાણો :**

(i) નીચે મુજબ વર્ગીકૃત કરવામાં આવશે :

(a) મૂડી ધિરાણો

(b) સંબંધિત પક્ષોને લોન અને ધિરાણો

(c) અન્ય લોન અને ધિરાણો

(ii) ઉપરના લોન અને ધિરાણોને નીચે મુજબના પેટા વિભાગોમાં વર્ગીકૃત કરવામાં આવશે :

(a) તારણવાળાં

(b) તારણ વગરનાં

(c) શંકાસ્પદ

**(e) અન્ય બિનચાલુ મિલકતો :**

નીચે મુજબ વર્ગીકૃત કરવામાં આવશે :

(a) લાંબા ગાળાનાં વેપારી લેણાં

(b) અન્ય

**(2) ચાલુ મિલકતો :**

**(a) ચાલુ રોકાણો :**

નીચે મુજબ વર્ગીકૃત કરવામાં આવશે :

(a) ઈક્વિટી સાધનોમાં રોકાણ

(b) પ્રેફરન્સ શૅરમાં રોકાણ

(c) સરકારી અને ટ્રસ્ટ જામીનગીરીઓમાં રોકાણો

(d) ડિબેન્ચર અને બૉન્ડમાં રોકાણ

(e) મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણ

(f) ભાગીદારી પેઢીમાં રોકાણ

(g) અન્ય રોકાણો દા.ત., ટૂંકા ગાળાનાં રોકાણો

**(b) માલસામગ્રી :**

નીચે મુજબ વર્ગીકૃત કરવામાં આવશે :

(a) કાચો માલ

(b) અર્ધતૈયાર માલ

(c) તૈયાર માલ

(d) વેચાણ માટે માલ

(e) સ્ટોર્સ અને સ્પેર્સ

(f) છૂટા ભાગો

(g) અન્ય દા.ત., માર્ગસ્થ માલ

**(c) વેપારી લેણાં :**

નીચે મુજબ વર્ગીકૃત કરવામાં આવશે :

(a) દેવાદારો

(b) લેણીહૂંડી

**(d) રોકડ અને રોકડ સમકક્ષ :**

નીચે મુજબ વર્ગીકૃત કરવામાં આવશે :

(a) બૅન્કોમાં સિલક

(b) હાથ પર ચેક અને ડ્રાફ્ટ

(c) રોકડ હાથ પર

(d) અન્ય

**(e) ટૂંકા ગાળાની લોન અને ધિરાણો :**

12 માસથી ઓછા સમય માટે આપેલ લોન કે કરેલ ધિરાણનો સમાવેશ ટૂંકા ગાળાની લોન અને ધિરાણમાં કરવામાં આવશે.

**(f) અન્ય ચાલુ મિલકતો :**

અન્ય ચાલુ મિલકતોમાં અગાઉથી ચૂકવેલ ખર્ચા, મળવાની બાકી આવક, અગાઉથી ચૂકવેલ કરવેરા તેમજ પાકા સરવૈયાની તારીખ પછીના 12 માસ દરમિયાન માંડી વાળવાના પ્રસારિત મહેસૂલી ખર્ચા કે અવાસ્તવિક મિલકતોનો સમાવેશ કરવામાં આવશે.

- **સંશયિત જવાબદારીઓ (જેની જોગવાઈ કરેલ નથી) :**

નીચે મુજબ વર્ગીકૃત કરવામાં આવશે :

(a) કંપનીએ તેની સામેના દાવાની નહિ સ્વીકારેલ જવાબદારીઓ

(b) કંપનીએ આપેલ ગેરંટી

(c) રોકાણો તરીકે ખરીદેલ શૅર પર નહિ મંગાવાયેલ હપતા

(d) પૂરા નહિ થયેલ કરારોની જવાબદારી

**નોંધ : પાકું સરવૈયું તૈયાર કરવાના પ્રશ્નમાં શૅરવોરંટ સામે મળેલ રકમ, મંજૂરી બાકી હોય તેવી શૅરઅરજીની રકમ, મુલતવી કરની જવાબદારી, મુલતવી કર મિલકતો અને અર્ધતૈયાર મૂડી મિલકતો અપેક્ષિત નથી. તેથી આ બાબતો પરીક્ષામાં પૂછવામાં આવશે નહિ. કંપનીધારા 2013ના પરિશિષ્ટ III મુજબના નમૂનામાં આપેલ હોઈ અહીં દર્શાવેલ છે.**

**7. નફા-નુકસાનના પત્રકનો નમૂનો અને સામાન્ય સૂચનાઓ (Form of Profit and Loss Statement and General Instructions) :**

કંપનીધારા 2013ના પરિશિષ્ટ IIIના ભાગ IIમાં નફા-નુકસાનના પત્રકનો નમૂનો આપવામાં આવેલ છે. કંપનીનું નફા-નુકસાનનું પત્રક આ નમૂના મુજબ જ તૈયાર કરવું જરૂરી છે. પરિશિષ્ટિ IIIમાં ઊભા સ્વરૂપે જ નફા-નુકસાનનું પત્રક આપેલ છે. આ સ્વરૂપ નીચે મુજબ છે :

**નફા-નુકસાનનું પત્રક**

**કંપનીનું નામ .............................................**

**તા. ............ના રોજ પૂરા થતા વર્ષનું નફા-નુકસાનનું પત્રક**

| વિગત (1) | નોંધ નંબર (2) | ચાલુ વર્ષના આંકડાઓ (₹) (3) | અગાઉના વર્ષના આંકડાઓ (₹) (4) |
|---|---|---|---|
| **I કામગીરીમાંથી ઊપજ (વેચાણ)** | | | |
| **II અન્ય ઊપજ** | | | |
| **III કુલ ઊપજ (I + II)** | | | |
| **IV ખર્ચાઓ** | | | |
| વપરાયેલ માલની પડતર | | | |
| પુનઃ વેચાણ માટેની ચોખ્ખી ખરીદી | | | |
| સ્ટૉકના ફેરફારો (અર્ધતૈયાર માલ, તૈયાર માલ અને વેપાર માટેના સ્ટૉકમાં ફેરફાર) | | | |
| કર્મચારી લાભનાં ખર્ચા | | | |
| નાણાકીય પડતર | | | |
| ઘસારો અને માંડી વાળેલ રકમો | | | |
| અન્ય ખર્ચા | | | |
| **કુલ ખર્ચા** | | | |
| **V અપવાદરૂપ અને અસાધારણ બાબતો અને કર પહેલાંનો નફો (III – IV)** | | | |
| **VI અપવાદરૂપ બાબતો** | | | |
| **VII અસાધારણ બાબતો અને કર પહેલાંનો નફો (V – VI)** | | | |
| **VIII અસાધારણ બાબતો** | | | |
| **IX આવક વેરા પહેલાંનો નફો (VII – VIII)** | | | |
| **X આવક પરના વેરા :** | | | |
| (a) ચાલુ કર | | | |
| (b) મુલતવી કર | | | |

| | | | |
|---|---|---|---|
| **XI** **ચાલુ કામગીરીનો નફો (IX – X)** | | | |
| **XII** **બંધ કરેલ કામગીરીનો નફો (નુકસાન)** | | | |
| **XIII** **બંધ કરેલ કામગીરી પરની આવક પરનો વેરો** | | | |
| **XIV** **બંધ કરેલ કામગીરી પરની આવક બાદ નફો (નુકસાન)** | | | |
| **XV** **જે-તે સમયનો નફો (નુકસાન) (XI – XIV)** | | | |
| **XVI** **શૅર દીઠ કમાણી** | | | |
| (a) મૂળભૂત (Basic) | | | |
| (b) મંદ (Diluted) | | | |

- **નફા-નુકસાનનું પત્રક તૈયાર કરવાને લગતી સામાન્ય સૂચનાઓ :**

**(1)** આ સૂચનાઓ નફા-નુકસાનના પત્રકને તેમજ ઊપજ-ખર્ચ ખાતાને એકસરખી રીતે લાગુ પડે છે.

**(2)** (A) નાણાકીય કંપની સિવાયની કંપનીઓની બાબતોમાં કામગીરીમાંથી ઊપજ જુદી નોંધ દ્વારા નીચે મુજબ વર્ગીકૃત કરવામાં આવશે :

(a) પેદાશનું વેચાણ

(b) સેવાઓનું વેચાણ

(c) અન્ય કામગીરીની ઊપજ

(B) નાણાકીય કંપનીની બાબતમાં કામગીરીમાંથી ઊપજ નીચે મુજબ વર્ગીકૃત કરવામાં આવશે :

(a) વ્યાજની ઊપજ અને

(b) અન્ય નાણાકીય સેવાઓની ઊપજ

**(3)** **નાણાકીય ખર્ચા :**

નીચે મુજબ વર્ગીકૃત કરવામાં આવશે :

(a) વ્યાજનો ખર્ચ

(b) નાણાં ઉછીના લેવાનો અન્ય ખર્ચ

(c) વિદેશી હૂંડિયામણનાં દરનાં ફેરફારોથી ઉદ્ભવતો નફો કે નુકસાન

**(4)** **અન્ય આવકો :**

નીચે મુજબ વર્ગીકૃત કરવામાં આવશે :

(a) વ્યાજની આવક

(b) ડિવિડન્ડની આવક

(c) રોકાણોના વેચાણનો ચોખ્ખો લાભ કે નુકસાન

(d) અન્ય બિનકામગીરી આવક દા.ત., ઘાલખાધ પરત

**(5)** **કર્મચારી લાભનાં ખર્ચ :**

નીચે મુજબ વર્ગીકૃત કરવામાં આવશે :

(a) પગાર અને મજૂરી

(b) પ્રોવિડન્ટ ફંડમાં ફાળો

(c) કર્મચારી સ્ટૉક ઓપ્શન સ્કીમનો ખર્ચ

(d) સ્ટાફ કલ્યાણ ખર્ચ

**(6) નાણાકીય પડતર :**

લોન, ડિબેન્ચર, જાહેર થાપણ, બોન્ડ અને બૅન્ક ઑવરડ્રાફ્ટ પર ચૂકવેલ વ્યાજ તેમજ ચૂકવવાનું બાકી વ્યાજ નાણાકીય પડતરના શીર્ષક હેઠળ દર્શાવવામાં આવે છે.

**(7) ઘસારો અને માંડી વાળેલ ખર્ચા :**

ચાલુ વર્ષનો કાયમી મિલકતો પર ઘસારો, માંડી વાળેલ અદૃશ્ય મિલકતો, માંડી વાળેલ ભાડાપટ્ટે રાખેલ મિલકતો તેમજ વર્ષ દરમિયાન માંડી વાળેલ અવાસ્તવિક મિલકતો જેવી કે સંશોધન અને વિકાસ ખર્ચા, જાહેરાત ઝુંબેશ ખર્ચ, ડિબેન્ચર પર વટાવ વગેરે, આ શીર્ષક હેઠળ દર્શાવવામાં આવશે.

**(8) અન્ય ખર્ચા :**

ઑફિસ અને વહીવટી ખર્ચા, વેચાણ-વિતરણ ખર્ચા, ઑડિટ ફી, ઘાલખાધ, ચાલુ વર્ષની ઘાલખાધ અનામતની જોગવાઈ, મિલકત વેચાણનું નુકસાન, બૅન્કચાર્જિસ અને કમિશન, અન્ય ખર્ચા વગેરે, આ શીર્ષક હેઠળ દર્શાવવામાં આવશે.

**નોંધ : નફા-નુકસાનનું પત્રક તૈયાર કરવાના પ્રશ્નમાં અપવાદરૂપ બાબતો, અસાધારણ બાબતો, મુલતવી કર, ચાલુ કામગીરી અને બંધ કામગીરીનો નફો કે નુકસાન, ચાલુ અને બંધ કામગીરીની આવક પર કર તેમજ શૅર દીઠ કમાણી અપેક્ષિત નથી તેથી આ બાબતો પરીક્ષામાં અપેક્ષિત નથી. આ બાબતો કંપનીધારા 2013ના પરિશિષ્ટ IIIના નમૂનામાં આપેલ હોઈ અહીં દર્શાવેલ છે.**

**કંપનીધારા 2013ના પરિશિષ્ટ III મુજબ આપેલ પાકા સરવૈયા અને નફા-નુકસાનના પત્રકના નમૂના ફક્ત સમજૂતી માટે આપેલ છે. પરીક્ષાના હેતુસર નીચે મુજબ આપેલ પાકા સરવૈયા અને નફા-નુકસાનનું પત્રક તેમજ તેનાં જુદાં જુદાં શીર્ષકો હેઠળ દર્શાવાતી બાબતો ધ્યાનમાં લેવી.**

## પાકું સરવૈયું

## કંપનીનું નામ

## તા. ...........ના રોજનું પાકું સરવૈયું

| વિગત | નોંધ નં. | તા. ..... ના રોજ (₹) |
|---|---|---|
| **I ઈક્વિટી અને જવાબદારીઓ :** | | |
| **(1) શૅરહોલ્ડર્સનાં ભંડોળો :** | | |
| (a) શૅરમૂડી | 1 | |
| (b) અનામત અને વધારો | 2 | |
| **(2) બિનચાલુ જવાબદારીઓ :** | | |
| (a) લાંબા ગાળાનાં ઉછીનાં નાણાં | 3 | |
| (b) અન્ય લાંબા ગાળાની જવાબદારીઓ | 4 | |
| (c) લાંબા ગાળાની જોગવાઈઓ | 5 | |
| **(3) ચાલુ જવાબદારીઓ :** | | |
| (a) ટૂંકા ગાળાનાં ઉછીનાં નાણાં | 6 | |
| (b) વેપારી દેવાં | 7 | |
| (c) અન્ય ચાલુ જવાબદારીઓ | 8 | |
| (d) ટૂંકા ગાળાની જોગવાઈઓ | 9 | |
| **કુલ** | | |

| | | |
|---|---|---|
| **II મિલકતો :** | | |
| **(1) બિનચાલુ મિલકતો :** | | |
| (a) કાયમી મિલકતો | | |
| (i) દૃશ્ય મિલકતો | 10 | |
| (ii) અદૃશ્ય મિલકતો | 11 | |
| (b) બિનચાલુ રોકાણો | 12 | |
| (c) લાંબા ગાળાની લોન અને ધિરાણો | 13 | |
| (d) અન્ય બિનચાલુ મિલકતો | 14 | |
| **(2) ચાલુ મિલકતો :** | | |
| (a) ચાલુ રોકાણો | 15 | |
| (b) માલસામગ્રી | 16 | |
| (c) વેપારી લેણાં | 17 | |
| (d) રોકડ અને રોકડ સમકક્ષ | 18 | |
| (e) ટૂંકા ગાળાની લોન અને ધિરાણ | 19 | |
| (f) અન્ય ચાલુ મિલકતો | 20 | |
| **કુલ** | | |

**પાકા સરવૈયાનાં શીર્ષકો અને પેટાશીર્ષકો હેઠળ નીચે મુજબની વિગતોનો હિસાબી નોંધો તરીકે અભ્યાસ અપેક્ષિત છે :**

| | | |
|---|---|---|
| **1. શૅરમૂડી :** | | |
| સત્તાવાર શૅરમૂડી : | | |
| .......... ઇક્વિટી શૅર દરેક ₹ ..........નો તેવા | | ✓ |
| .......... પ્રેફરન્સ શૅર દરેક ₹ ..........નો તેવા | | ✓ |
| બહાર પાડેલ શૅરમૂડી : | | |
| .......... ઇક્વિટી શૅર દરેક ₹ ..........નો તેવા | | ✓ |
| .......... પ્રેફરન્સ શૅર દરેક ₹ ..........નો તેવા | | ✓ |
| ભરપાઈ થયેલ અને વસૂલ આવેલ શૅરમૂડી : | | |
| **(i) ભરપાઈ થયેલ અને સંપૂર્ણ વસૂલ આવેલ શૅરમૂડી** | | |
| .......... ઇક્વિટી શૅર દરેક ₹ ..........નો તેવા | | ✓ |
| .......... પ્રેફરન્સ શૅર દરેક ₹ ..........નો તેવા | | ✓ |
| **(ii) ભરપાઈ થયેલ પરંતુ સંપૂર્ણ વસૂલ નહિ આવેલ શૅરમૂડી** | | |
| .......... ઇક્વિટી શૅર દરેક ₹ ..........નો તેવા, | | |
| શૅર દીઠ ₹ ........ મંગાવેલ | ✓ | |
| **બાદ :** બાકી હપતા | ✓ | ✓ |
| .......... પ્રેફરન્સ શૅર દરેક ₹ ..........નો તેવા, | | |
| શૅર દીઠ ₹ ........ મંગાવેલ | ✓ | |
| **બાદ :** બાકી હપતા | ✓ | ✓ |
| **(iii) શૅરજપ્તી ખાતું** | | ✓ |
| | | ✓✓✓ |

| | | |
|---|---|---|
| **2. અનામત અને વધારો :** | | |
| વધારો : નફા-નુકસાનના પત્રક મુજબ | ✓ | ✓ |
| **બાદ :** નફાની ફાળવણી | | |
| સામાન્ય અનામત ખાતે | ✓ | |
| સૂચિત ડિવિડન્ડ ખાતે | ✓ | ✓ |
| જામીનગીરી પ્રીમિયમ અનામત | | ✓ |
| સામાન્ય અનામત | ✓ | |
| + વધારો (ફાળવણી) | ✓ | ✓ |
| મૂડી અનામત | | ✓ |
| ડિબેન્ચર પરત અનામત | | ✓ |
| ડિવિડન્ડ સમતુલા ભંડોળ | | ✓ |
| અનામત ભંડોળ | | ✓ |
| કામદાર અકસ્માત વળતર ભંડોળ | | ✓ |
| રોકાણ વધઘટ અનામત | | ✓ |
| નફા-નુકસાન પત્રકની ખોટ | | (✓) |
| | | ✓ |
| **3. લાંબા ગાળાનાં ઉછીનાં નાણાં :** | | |
| ડિબેન્ચર | | ✓ |
| લાંબા ગાળાની લોન કે મુદતી લોન | | ✓ |
| બોન્ડ | | ✓ |
| જાહેર થાપણ | | ✓ |
| | | ✓ |
| **4. અન્ય લાંબા ગાળાની જવાબદારીઓ :** | | |
| ડિબેન્ચર પરત પ્રીમિયમ | | ✓ |
| પ્રેફરન્સ શૅર પરત પ્રીમિયમ | | ✓ |
| | | ✓ |
| **5. લાંબા ગાળાની જોગવાઈઓ :** | | |
| પ્રોવિડન્ટ ફંડ, ગ્રેજ્યુઇટી ફંડ | | ✓ |
| પેન્શન ફંડ | | ✓ |
| કામદાર નફા ભાગ ભંડોળ | | ✓ |
| કામદાર બચત ખાતાં | | ✓ |
| | | ✓ |
| **6. ટૂંકા ગાળાનાં ઉછીનાં નાણાં :** | | |
| ટૂંકા ગાળાની લોન (12 માસથી ઓછા સમય માટે) | | ✓ |
| બૅન્ક ઓવરડ્રાફ્ટ, કેશ ક્રેડિટ | | ✓ |
| | | ✓ |

| | |
|---|---|
| **7. વેપારી દેવાં :** | |
| લેણદારો | ✓ |
| દેવીહૂંડી | ✓ |
| | ✓ |
| **8. અન્ય ચાલુ જવાબદારીઓ :** | |
| ખર્ચા ચૂકવવાના બાકી, અગાઉથી મળેલ આવક | ✓ |
| નહિ મંગાયેલ ડિવિડન્ડ | ✓ |
| આવતા 12 માસ દરમિયાન પરત કરવાપાત્ર ડિબેન્ચર તથા તેનું પરત પ્રીમિયમ | ✓ |
| અગાઉથી મળેલ શૅર હપ્તા, ગ્રાહકો પાસેથી મળેલ એડવાન્સ રકમ, | |
| ડિબેન્ચર પર ચૂકવવાનું બાકી વ્યાજ | ✓ |
| | ✓ |
| **9. ટૂંકા ગાળાની જોગવાઈઓ** | |
| કરવેરાની જોગવાઈ | ✓ |
| સૂચિત ડિવિડન્ડ | ✓ |
| | ✓ |
| **II મિલકતો :** | |
| **10. કાયમી મિલકતો : દૃશ્ય :** | |
| જમીન-મકાન | ✓ |
| પ્લાન્ટ-યંત્રો | ✓ |
| ફર્નિચર અને ફિક્ષ્ચર્સ | ✓ |
| વાહનો | ✓ |
| સાધન સરંજામ | ✓ |
| ભાડાપટ્ટે (મિલકત) | ✓ |
| | ✓ |
| **11. કાયમી મિલકતો : અદૃશ્ય :** | |
| પાઘડી | ✓ |
| પેટન્ટ | ✓ |
| ટ્રેડમાર્ક | ✓ |
| કૉપીરાઇટ | ✓ |
| લાયસન્સ | ✓ |
| સૉફ્ટવેર | ✓ |
| ફ્રેન્ચાઇઝી | ✓ |
| | ✓ |

| | |
|---|---|
| **12. બિનચાલુ રોકાણો :** | |
| પ્રોવિડન્ટ ફંડનાં રોકાણો | ✓ |
| ડિબેન્ચર પરતનિધિનાં રોકાણો | ✓ |
| ગૌણ કંપનીના શૅર | ✓ |
| અન્ય કંપનીના શૅર કે ડિબેન્ચર (12 માસથી વધુ સમય માટે) | ✓ |
| બૅન્કમાં બાંધી મુદતની થાપણ (12 માસથી વધુ સમય માટે) | ✓ |
| સરકારી જામીનગીરીઓ (12 માસથી વધુ સમય માટે) | ✓ |
| મ્યુચ્યુઅલ ફંડના યુનિટ (12 માસથી વધુ સમય માટે) | ✓ |
| | ✓ |
| **13. લાંબા ગાળાની લોન અને ધિરાણો :** | |
| કર્મચારીઓને લોન (12 માસથી વધુ સમય માટે) | ✓ |
| કસ્ટમ ડિપોઝિટ | ✓ |
| ટેલિફોન ડિપોઝિટ | ✓ |
| ઈલેક્ટ્રિસિટી ડિપોઝિટ | ✓ |
| | ✓ |
| **14. અન્ય બિનચાલુ મિલકતો :** | |
| ડિબેન્ચર વટાવ (આવતા 12 માસ બાદ માંડી વાળવાપાત્ર) | ✓ |
| જાહેરાત ઝુંબેશ ખર્ચ (આવતા 12 માસ બાદ માંડી વાળવાપાત્ર) | ✓ |
| સંશોધન અને વિકાસ ખર્ચ (આવતા 12 માસ બાદ માંડી વાળવાપાત્ર) | ✓ |
| | ✓ |
| **15. ચાલુ રોકાણો :** | |
| અન્ય કંપનીના શૅર કે ડિબેન્ચર (12 માસથી ઓછા સમય માટે) | ✓ |
| વેચાણપાત્ર જામીનગીરીઓ | ✓ |
| સરકારી જામીનગીરીઓ (12 માસથી ઓછા સમય માટે) | ✓ |
| મ્યુચ્યુઅલ ફંડના યુનિટ (12 માસથી ઓછા સમય માટે) | ✓ |
| | ✓ |
| **16. માલસામગ્રી :** | |
| કાચા માલનો સ્ટૉક | ✓ |
| અર્ધતૈયાર માલનો સ્ટૉક | ✓ |
| તૈયાર માલનો સ્ટૉક | ✓ |
| વેપાર માટેનો સ્ટૉક | ✓ |
| છૂટા ભાગો | ✓ |
| છૂટાં ઓજારો | ✓ |
| વપરાશી સ્ટોર્સ | ✓ |
| માર્ગસ્થ માલ | ✓ |
| | ✓ |

| | |
|---|---|
| **17. વેપારી લેણાં :** | |
| દેવાદારો | ✓ |
| લેણીહૂંડી | ✓ |
| | ✓ |
| **18. રોકડ અને રોકડ સમકક્ષ :** | |
| રોકડ હાથ પર | ✓ |
| બૅન્કસિલક | ✓ |
| ચેક અને ડ્રાફ્ટ્સ હાથ પર | ✓ |
| | ✓ |
| **19. ટૂંકા ગાળાની લોન ધિરાણ :** | |
| 12 માસથી ઓછા સમય માટે આપેલ લોન | ✓ |
| વેપારીને આપેલ એડવાન્સ (12 માસથી ઓછા સમય માટે) | ✓ |
| | ✓ |
| **20. અન્ય ચાલુ મિલકત :** | |
| અગાઉથી ચૂકવેલ ખર્ચા | ✓ |
| મળવાની બાકી આવક | ✓ |
| આવતા 12 માસ દરમિયાન માંડી વાળવાના જાહેરાત ઝુંબેશ ખર્ચ | ✓ |
| આવતા 12 માસ દરમિયાન માંડી વાળવાનો ડિબેન્ચર વટાવ | ✓ |
| આવતા 12 માસ દરમિયાન માંડી વાળવાના સંશોધન અને વિકાસ ખર્ચ | ✓ |
| | ✓ |

પરીક્ષાના હેતુસર નફા-નુકસાનનું પત્રક નીચે મુજબની વિગતો સમાવી તૈયાર કરવું :

**કંપનીનું નામ ..............................................**

**તા. ............ના રોજ પૂરા થતા વર્ષનું નફા-નુકસાનનું પત્રક**

| | વિગત | નોંધ નં. | તા. ..... ના રોજ (₹) |
|---|---|---|---|
| I | કામગીરીમાંથી ઊપજ (વેચાણ) | 1 | |
| II | અન્ય ઊપજ | 2 | |
| III | કુલ ઊપજ (I + II) | | |
| IV | ખર્ચાઓ | | |
| | ખરીદી | 3 | |
| | સ્ટૉકમાં ફેરફાર | 4 | |
| | પ્રત્યક્ષ ખર્ચા | 5 | |
| | કર્મચારી લાભનાં ખર્ચા | 6 | |
| | નાણાકીય પડતર | 7 | |

| | | |
|---|---|---|
| ઘસારો અને માંડી વાળેલ રકમો | 8 | |
| અન્ય ખર્ચા | 9 | |
| **કુલ ખર્ચા** | | |
| V આવકવેરા પહેલાંનો નફો (III – IV) | | |
| VI આવકવેરાની જોગવાઈ | | |
| VII આવકવેરા બાદ નફો (V – VI) | | |

નફા-નુકસાનના પત્રકમાં આવક અને ખર્ચની નીચે મુજબની વિગતો પરીક્ષાના સંદર્ભમાં ધ્યાનમાં લેવી :

| વિગત | (₹) |
|---|---|
| **(1) કામગીરીમાંથી ઊપજ :** | |
| વેચાણ | ✓ |
| બાદ : વેચાણપરત | ✓ |
| | ✓ |
| **(2) અન્ય ઊપજ :** | |
| મળેલ વ્યાજ અને ડિવિડન્ડ | ✓ |
| ઘાલખાધ પરત | ✓ |
| મિલકત વેચાણનો નફો | ✓ |
| | ✓ |
| **(3) ચોખ્ખી ખરીદી :** | |
| કુલ ખરીદી | ✓ |
| બાદ : ખરીદપરત | ✓ |
| | ✓ |
| **(4) સ્ટૉકમાં ફેરફાર :** | |
| શરૂઆતનો સ્ટૉક | ✓ |
| બાદ : આખરનો સ્ટૉક | ✓ |
| | ✓ |
| **(5) પ્રત્યક્ષ ખર્ચા :** | |
| મજૂરી | ✓ |
| આવકમાલ ગાડાભાડું, નૂર | ✓ |
| | ✓ |
| **(6) કર્મચારી લાભના ખર્ચા :** | |
| પગાર | ✓ |
| બૉનસ, કમિશન | ✓ |
| પ્રોવિડન્ટ ફંડમાં ફાળો | ✓ |
| | ✓ |
| **(7) નાણાકીય પડતર :** | |
| બોન્ડ કે ડિબેન્ચરનું વ્યાજ | ✓ |
| જાહેર થાપણ કે લોન પર વ્યાજ | ✓ |
| બૅન્ક ઑવરડ્રાફ્ટનું વ્યાજ | ✓ |
| ટૂંકા ગાળાની લોન પર વ્યાજ | ✓ |
| | ✓ |

| | |
|---|---|
| **(8) ઘસારો અને માંડી વાળેલ ખર્ચા :** | |
| કાયમી મિલકતો પર ઘસારો | ✓ |
| માંડી વાળેલ પાઘડી, પેટન્ટ, ટ્રેડમાર્ક વગેરે અદશ્ય મિલકતો | ✓ |
| માંડી વાળેલ ડિબેન્ચર વટાવ | ✓ |
| માંડી વાળેલ જાહેરાત ઝુંબેશ ખર્ચ | ✓ |
| માંડી વાળેલ સંશોધન અને વિકાસ ખર્ચ | ✓ |
| | ✓ |
| **(9) અન્ય ખર્ચા :** | |
| તાર, ટપાલ, સ્ટેશનરી | ✓ |
| ભાડું | ✓ |
| ઑડિટ ફી | ✓ |
| ઑફિસ અને વહીવટી ખર્ચ | ✓ |
| વેચાણ ખર્ચા | ✓ |
| માંડી વાળેલ ઘાલખાધ | ✓ |
| | ✓ |

**ઉદાહરણ 1 :** નીચેની વિગતો કંપનીધારા 2013ના પરિશિષ્ટ III મુજબ કંપનીના પાકા સરવૈયામાં કેવી રીતે દર્શાવશો તે જણાવો.

(1) ઇક્વિટી શૅરમૂડી
(2) બાકી હપતા
(3) શૅરજપ્તી ખાતું
(4) અગાઉથી મળેલ હપતા
(5) જામીનગીરી પ્રીમિયમ
(6) સામાન્ય અનામત
(7) ડિબેન્ચર
(8) લેણદારો
(9) નફા-નુકસાનના પત્રકની ખોટ
(10) જાહેર થાપણ

**જવાબ :**

| વિગત | પાકા સરવૈયાનું શીર્ષક | મુખ્ય શીર્ષક | પેટા શીર્ષક |
|---|---|---|---|
| (1) ઇક્વિટી શૅરમૂડી | ઇક્વિટી અને જવાબદારીઓ | શૅરહોલ્ડર્સના ભંડોળો | શૅરમૂડી |
| (2) બાકી હપતા | ઇક્વિટી અને જવાબદારીઓ | શૅરહોલ્ડર્સના ભંડોળો | શૅરમૂડીમાંથી બાદ |
| (3) શૅરજપ્તી ખાતું | ઇક્વિટી અને જવાબદારીઓ | શૅરહોલ્ડર્સના ભંડોળો | શૅરમૂડી |
| (4) અગાઉથી મળેલ હપતા | ઇક્વિટી અને જવાબદારીઓ | ચાલુ જવાબદારી | અન્ય ચાલુ જવાબદારી |
| (5) જામીનગીરી પ્રીમિયમ | ઇક્વિટી અને જવાબદારીઓ | શૅરહોલ્ડર્સનાં ભંડોળો | અનામત અને વધારો |
| (6) સામાન્ય અનામત | ઇક્વિટી અને જવાબદારીઓ | શૅરહોલ્ડર્સનાં ભંડોળો | અનામત અને વધારો |
| (7) ડિબેન્ચર | ઇક્વિટી અને જવાબદારીઓ | બિનચાલુ જવાબદારીઓ | લાંબા ગાળાનાં ઉછીનાં નાણાં |
| (8) લેણદારો | ઇક્વિટી અને જવાબદારીઓ | ચાલુ જવાબદારી | વેપારી દેવાં |
| (9) નફા-નુકસાનના પત્રકની ખોટ | ઇક્વિટી અને જવાબદારીઓ | શૅરહોલ્ડર્સનાં ભંડોળો | અનામત અને વધારો (અનામતોની બાકીઓના સરવાળામાંથી બાદ) |
| (10) જાહેર થાપણ | ઇક્વિટી અને જવાબદારીઓ | બિનચાલુ જવાબદારીઓ | લાંબા ગાળાનાં ઉછીનાં નાણાં |

**ઉદાહરણ 2 :** નીચેની વિગતો કંપનીધારા 2013ના પરિશિષ્ટ III મુજબ કંપનીના પાકા સરવૈયામાં કેવી રીતે દર્શાવશો તે જણાવો.

(1) સૂચિત ડિવિડન્ડ
(2) નહિ મંગાવેલ ડિવિડન્ડ
(3) બૉન્ડ
(4) દેવીહૂંડી
(5) ડિબેન્ચર પરત અનામત
(6) મુદતી લોન
(7) અનામત ભંડોળ
(8) ગ્રાહકો પાસેથી મળેલ એડવાન્સ
(9) ડિબેન્ચર પર ચૂકવવાનું બાકી વ્યાજ
(10) બૅન્ક ઑવરડ્રાફ્ટ

**જવાબ :**

| વિગત | પાકા સરવૈયાનું શીર્ષક | મુખ્ય શીર્ષક | પેટા શીર્ષક |
|---|---|---|---|
| (1) સૂચિત ડિવિડન્ડ | ઇક્વિટી અને જવાબદારીઓ | ચાલુ જવાબદારી | ટૂંકા ગાળાની જોગવાઈઓ |
| (2) નહિ મંગાવેલ ડિવિડન્ડ | ઇક્વિટી અને જવાબદારીઓ | ચાલુ જવાબદારી | અન્ય ચાલુ જવાબદારી |
| (3) બૉન્ડ | ઇક્વિટી અને જવાબદારીઓ | બિનચાલુ જવાબદારી | લાંબા ગાળાનાં ઉછીનાં નાણાં |
| (4) દેવીહૂંડી | ઇક્વિટી અને જવાબદારીઓ | ચાલુ જવાબદારી | વેપારી દેવાં |
| (5) ડિબેન્ચર પરત અનામત | ઇક્વિટી અને જવાબદારીઓ | શૅરહોલ્ડર્સનાં ભંડોળો | અનામત-વધારો |
| (6) મુદતી લોન | ઇક્વિટી અને જવાબદારીઓ | બિનચાલુ જવાબદારી | લાંબા ગાળાનાં ઉછીનાં નાણાં |
| (7) અનામત ભંડોળ | ઇક્વિટી અને જવાબદારીઓ | શૅરહોલ્ડર્સનાં ભંડોળો | અનામત-વધારો |
| (8) ગ્રાહકો પાસેથી મળેલ એડવાન્સ | ઇક્વિટી અને જવાબદારીઓ | ચાલુ જવાબદારી | અન્ય ચાલુ જવાબદારીઓ |
| (9) ડિબેન્ચર પર ચૂકવવાનું બાકી વ્યાજ | ઇક્વિટી અને જવાબદારીઓ | ચાલુ જવાબદારી | અન્ય ચાલુ જવાબદારીઓ |
| (10) બૅન્ક ઑવરડ્રાફ્ટ | ઇક્વિટી અને જવાબદારીઓ | ચાલુ જવાબદારી | ટૂંકા ગાળાનાં ઉછીનાં નાણાં |

**ઉદાહરણ 3 :** નીચેની વિગતો કંપનીધારા 2013ના પરિશિષ્ટ III મુજબ કંપનીના પાકા સરવૈયામાં કેવી રીતે દર્શાવશો તે જણાવો.

(1) આવતા વર્ષે પરત થવાપાત્ર ડિબેન્ચર
(2) બૅન્ક પાસેથી કેશ ક્રેડિટ
(3) કરવેરાની જોગવાઈ
(4) અગાઉથી મળેલ ભાડું
(5) ટૂંકા ગાળાની લોન (જમા બાકી)
(6) ગ્રેજ્યુઇટી માટે જોગવાઈ
(7) કામદાર અકસ્માત વળતર ભંડોળ
(8) પ્રેફરન્સ શૅરમૂડી
(9) સામાન્ય અનામત
(10) આવતા વર્ષે પરત થવાપાત્ર ડિબેન્ચર્સનું પરત પ્રીમિયમ
(11) અગાઉથી મળેલ શૅર હપતા

**જવાબ :**

| વિગત | પાકા સરવૈયાનું શીર્ષક | મુખ્ય શીર્ષક | પેટા શીર્ષક |
|---|---|---|---|
| (1) આવતા વર્ષે પરત થવાપાત્ર ડિબેન્ચર | ઇક્વિટી અને જવાબદારીઓ | ચાલુ જવાબદારી | અન્ય ચાલુ જવાબદારી |
| (2) બૅન્ક પાસેથી કેશ ક્રેડિટ | ઇક્વિટી અને જવાબદારીઓ | ચાલુ જવાબદારી | ટૂંકા ગાળાનાં ઉછીનાં નાણાં |
| (3) કરવેરાની જોગવાઈ | ઇક્વિટી અને જવાબદારીઓ | ચાલુ જવાબદારી | ટૂંકા ગાળાની જોગવાઈ |

| વિગત | પાકા સરવૈયાનું શીર્ષક | મુખ્ય શીર્ષક | પેટા શીર્ષક |
|---|---|---|---|
| (4) અગાઉથી મળેલ ભાડું | ઈક્વિટી અને જવાબદારીઓ | ચાલુ જવાબદારી | અન્ય ચાલુ જવાબદારી |
| (5) ટૂંકા ગાળાની લોન (જમા બાકી) | ઈક્વિટી અને જવાબદારીઓ | ચાલુ જવાબદારી | ટૂંકા ગાળાનાં ઉછીનાં નાણાં |
| (6) ગ્રેજ્યુઈટી માટે જોગવાઈ | ઈક્વિટી અને જવાબદારીઓ | બિનચાલુ જવાબદારી | લાંબા ગાળાંની જોગવાઈઓ |
| (7) કામદાર અકસ્માત વળતર ભંડોળ | ઈક્વિટી અને જવાબદારીઓ | શૅરહોલ્ડર્સના ભંડોળો | અનામત-વધારો |
| (8) પ્રેફરન્સ શૅરમૂડી | ઈક્વિટી અને જવાબદારીઓ | શૅરહોલ્ડર્સનાં ભંડોળો | શૅરમૂડી |
| (9) સામાન્ય અનામત | ઈક્વિટી અને જવાબદારીઓ | શૅરહોલ્ડર્સનાં ભંડોળો | અનામત-વધારો |
| (10) આવતા વર્ષે પરત થવાપાત્ર ડિબેન્ચર્સનું પરત પ્રીમિયમ | ઈક્વિટી અને જવાબદારીઓ | ચાલુ જવાબદારીઓ | અન્ય ચાલુ જવાબદારી |
| (11) અગાઉથી મળેલ શૅર હપતા | ઈક્વિટી અને જવાબદારીઓ | ચાલુ જવાબદારીઓ | અન્ય ચાલુ જવાબદારી |

**ઉદાહરણ 4 :** નીચે આપેલ બાકીઓ પરથી કંપનીધારા 2013ના પરિશિષ્ટ III મુજબ કંપનીના પાકા સરવૈયાની ઈક્વિટી અને જવાબદારી દર્શાવતું પત્રક તૈયાર કરો :

| | | | |
|---|---|---|---|
| વેપારી દેવાં | ₹ 30,000 | શૅરમૂડી | ₹ 2,00,000 |
| લાંબા ગાળાની જોગવાઈઓ | ₹ 60,000 | ટૂંકા ગાળાની જોગવાઈઓ | ₹ 35,000 |
| અનામત અને વધારો | ₹ 80,000 | લાંબા ગાળાનાં ઉછીનાં નાણાં | ₹ 1,20,000 |
| અન્ય ચાલુ જવાબદારીઓ | ₹ 25,000 | અન્ય લાંબા ગાળાની જવાબદારીઓ | ₹ 76,000 |
| ટૂંકા ગાળાનાં ઉછીનાં નાણાં | ₹ 24,000 | | |

જવાબ :

**પાકું સરવૈયું**

| વિગત | નોંધ નંબર | રકમ (₹) | તા. .....ના રોજ (₹) |
|---|---|---|---|
| **ઈક્વિટી અને જવાબદારીઓ :** | | | |
| **(1) શૅરહોલ્ડર્સનાં ભંડોળો :** | | | |
| (a) શૅરમૂડી | | 2,00,000 | |
| (b) અનામત અને વધારો | | 80,000 | 2,80,000 |
| **(2) બિનચાલુ જવાબદારીઓ :** | | | |
| (a) લાંબા ગાળાનાં ઉછીનાં નાણાં | | 1,20,000 | |
| (b) અન્ય લાંબા ગાળાની જવાબદારીઓ | | 76,000 | |
| (c) લાંબા ગાળાની જોગવાઈઓ | | 60,000 | 2,56,000 |
| **(3) ચાલુ જવાબદારીઓ** | | | |
| (a) ટૂંકા ગાળાનાં ઉછીનાં નાણાં | | 24,000 | |
| (b) વેપારી દેવાં | | 30,000 | |
| (c) અન્ય ચાલુ જવાબદારીઓ | | 25,000 | |
| (d) ટૂંકા ગાળાની જોગવાઈઓ | | 35,000 | 1,14,000 |
| **કુલ** | | | **6,50,000** |

**ઉદાહરણ 5 :** નીચેની બાકીઓ શાન લિ.ના ચોપડામાંથી તા. 31-3-2017ના રોજ લેવામાં આવી છે. આ બાકીઓ પરથી કંપનીધારા 2013ના પરિશિષ્ટ III અનુસાર પાકા સરવૈયાની ઇક્વિટી અને જવાબદારી દર્શાવતું પત્રક તૈયાર કરો.

| વિગત | (₹) |
|---|---|
| 26,000 ઇક્વિટી શૅર, દરેક ₹ 10નો તેવા | 2,60,000 |
| 9 %ની બૅન્ક ઑફ બરોડાની લોન | 50,000 |
| સૂચિત ડિવિડન્ડ | 18,000 |
| દેવીહૂંડી | 10,000 |
| વધારો : નફા-નુકસાનના પત્રક મુજબ | 50,000 |
| પ્રોવિડન્ટ ફંડ | 70,000 |
| બૅન્ક ઑવરડ્રાફ્ટ | 17,000 |
| પગાર ચૂકવવાનો બાકી | 30,000 |

**જવાબ :**

**શાન લિમિટેડનું તા. 31-3-2017ના રોજનું પાકું સરવૈયું**

| વિગત | નોંધ નંબર | રકમ (₹) | રકમ (₹) |
|---|---|---|---|
| **ઇક્વિટી અને જવાબદારીઓ :** | | | |
| **(1) શૅરહોલ્ડર્સનાં ભંડોળો :** | | | |
| (a) શૅરમૂડી (ઇક્વિટી શૅરમૂડી) | | 2,60,000 | |
| (b) અનામત અને વધારો (વધારો : નફા-નુકસાનના પત્રક મુજબ) | | 50,000 | 3,10,000 |
| **(2) બિનચાલુ જવાબદારીઓ :** | | | |
| (a) લાંબા ગાળાનાં ઉછીનાં નાણાં (9 %ની બૅન્ક ઑફ બરોડાની લોન) | | 50,000 | |
| (b) અન્ય લાંબા ગાળાની જવાબદારીઓ | | – | |
| (c) લાંબા ગાળાની જોગવાઈઓ (પ્રોવિડન્ટ ફંડ) | | 70,000 | 1,20,000 |
| **(3) ચાલુ જવાબદારીઓ :** | | | |
| (a) ટૂંકા ગાળાનાં ઉછીનાં નાણાં (બૅન્ક ઓવરડ્રાફ્ટ) | | 17,000 | |
| (b) વેપારી દેવાં (દેવીહૂંડી) | | 10,000 | |
| (c) અન્ય ચાલુ જવાબદારીઓ (પગાર ચૂકવવાનો બાકી) | | 30,000 | |
| (d) ટૂંકા ગાળાની જોગવાઈઓ (સૂચિત ડિવિડન્ડ) | | 18,000 | 75,000 |
| **કુલ** | | | **5,05,000** |

**ઉદાહરણ 6 :** નીચેની બાકીઓ કુબેર લિમિટેડના ચોપડાઓમાંથી તા. 31-3-2017ના રોજ લેવામાં આવી છે. આ બાકીઓ કંપનીધારા 2013ના પરિશિષ્ટ III અનુસાર પાકા સરવૈયામાં કયા શીર્ષકો હેઠળ દર્શાવવામાં આવશે તે જણાવો.

(1) જમીન-મકાન
(2) ગૌણ કંપનીના શૅર
(3) દેવાદારો
(4) આખરસ્ટૉક
(5) ટૂંકા ગાળાનાં રોકાણો
(6) બૅન્કસિલક
(7) પાઘડી
(8) ફર્નિચર
(9) કસ્ટમ ડિપોઝિટ
(10) ટ્રેડમાર્ક

(11) અગાઉથી ચૂકવેલ વીમા પ્રીમિયમ
(12) લેણીહૂંડી
(13) સ્ટોર્સ અને સ્પેરપાર્ટ્સ
(14) કર્મચારીઓને લોન
(15) સરકારી જામીનગીરીઓ (પાક્યા તારીખ 30-6-2017)
(16) અગાઉથી ચૂકવેલ કરવેરા
(17) બૅન્કમાં બાંધી મુદતની થાપણ (પાક્યા તારીખ 31-3-2020)
(18) છૂટા ભાગો
(19) ડિરેક્ટરને લોન (કામચલાઉ)
(20) પ્રોવિડન્ટ ફંડનાં રોકાણો

**જવાબ :**

| વિગત | પાકા સરવૈયાનું શીર્ષક | મુખ્ય શીર્ષક | પેટા શીર્ષક |
|---|---|---|---|
| (1) જમીન-મકાન | મિલકતો | બિનચાલુ મિલકતો | કાયમી મિલકતો - દૃશ્ય |
| (2) ગૌણ કંપનીના શૅર | મિલકતો | બિનચાલુ મિલકતો | બિનચાલુ રોકાણો |
| (3) દેવાદારો | મિલકતો | ચાલુ મિલકતો | વેપારી લેણાં |
| (4) આખરસ્ટૉક | મિલકતો | ચાલુ મિલકતો | માલસામગ્રી |
| (5) ટૂંકા ગાળાનાં રોકાણો | મિલકતો | ચાલુ મિલકતો | ચાલુ રોકાણો |
| (6) બૅન્કસિલક | મિલકતો | ચાલુ મિલકતો | રોકડ અને રોકડ સમકક્ષ |
| (7) પાઘડી | મિલકતો | બિનચાલુ મિલકતો | કાયમી મિલકતો - અદૃશ્ય |
| (8) ફર્નિચર | મિલકતો | બિનચાલુ મિલકતો | કાયમી મિલકતો - દૃશ્ય |
| (9) કસ્ટમ ડિપોઝિટ | મિલકતો | બિનચાલુ મિલકતો | લાંબા ગાળાની લોન અને ધિરાણ |
| (10) ટ્રેડમાર્ક | મિલકતો | બિનચાલુ મિલકતો | કાયમી મિલકતો - અદૃશ્ય |
| (11) અગાઉથી ચૂકવેલ વીમા પ્રીમિયમ | મિલકતો | ચાલુ મિલકતો | અન્ય ચાલુ મિલકતો |
| (12) લેણીહૂંડી | મિલકતો | ચાલુ મિલકતો | વેપારી લેણાં |
| (13) સ્ટોર્સ અને સ્પેરપાર્ટ્સ | મિલકતો | ચાલુ મિલકતો | માલસામગ્રી |
| (14) કર્મચારીઓને લોન | મિલકતો | બિનચાલુ મિલકતો | લાંબા ગાળાની લોન અને ધિરાણ |
| (15) સરકારી જામીનગીરીઓ (પાક્યા તારીખ 30-6-2017) | મિલકતો | ચાલુ મિલકતો | ચાલુ રોકાણો |
| (16) અગાઉથી ચૂકવેલ કરવેરા | મિલકતો | ચાલુ મિલકતો | અન્ય ચાલુ મિલકતો |
| (17) બૅન્કમાં બાંધી મુદતની થાપણ (પાક્યા તારીખ 31-3-2020) | મિલકતો | બિનચાલુ મિલકતો | બિનચાલુ રોકાણો |
| (18) છૂટા ભાગો | મિલકતો | ચાલુ મિલકતો | માલસામગ્રી |
| (19) ડિરેક્ટરને લોન (કામચલાઉ) | મિલકતો | ચાલુ મિલકતો | ટૂંકા ગાળાની લોન-ધિરાણ |
| (20) પ્રોવિડન્ટ ફંડનાં રોકાણો | મિલકતો | બિનચાલુ મિલકતો | બિનચાલુ રોકાણો |

**ઉદાહરણ 7 :** નીચેની બાકીઓ કંપનીધારા 2013ના પરિશિષ્ટ III અનુસાર કંપનીના પાકા સરવૈયામાં કેવી રીતે દર્શાવશો તે જણાવો.

(1) છૂટા ભાગો
(2) ભાડાપટ્ટે મિલકતો
(3) ડિબેન્ચર પરતનિધિનાં રોકાણો
(4) ઈલેક્ટ્રિસિટી ડિપોઝિટ
(5) અન્ય કંપનીના ડિબેન્ચર (આવતા વર્ષે દરમિયાન પરત થવાપાત્ર)
(6) લેણદારોને આપેલ એડવાન્સ
(7) કૉપીરાઈટ
(8) ડિબેન્ચર વટાવ (આવતા વર્ષે માંડી વાળવાનો છે.)
(9) ડિબેન્ચર વટાવ (આવતા વર્ષ બાદ માંડી વાળવાનો છે.)
(10) મ્યુચ્યુઅલ ફંડના યુનિટ (ટૂંકા ગાળા માટે)
(11) અન્ય કંપનીના શૅર (લાંબા ગાળા માટે)
(12) અર્ધતૈયાર માલ
(13) વાહનો
(14) દેવાદારો પાસેથી મળેલ ચેક
(15) રોકાણો પર મળવાનું બાકી વ્યાજ
(16) કમ્પ્યૂટર
(17) કમ્પ્યૂટર સૉફ્ટવેર
(18) અગાઉથી ચૂકવેલ ભાડું
(19) યંત્રો
(20) યંત્રો (આવતા વર્ષે વેચાણપાત્ર)

**જવાબ :**

| વિગત | પાકા સરવૈયાનું શીર્ષક | મુખ્ય શીર્ષક | પેટા શીર્ષક |
|---|---|---|---|
| (1) છૂટા ભાગો | મિલકતો | ચાલુ મિલકતો | માલસામગ્રી |
| (2) ભાડાપટ્ટે મિલકતો | મિલકતો | બિનચાલુ મિલકતો | કાયમી મિલકતો - દૃશ્ય |
| (3) ડિબેન્ચર પરતનિધિનાં રોકાણો | મિલકતો | બિનચાલુ મિલકતો | બિનચાલુ રોકાણો |
| (4) ઈલેક્ટ્રિસિટી ડિપોઝિટ | મિલકતો | બિનચાલુ મિલકતો | લાંબા ગાળાની લોન અને ધિરાણ |
| (5) અન્ય કંપનીના ડિબેન્ચર (આવતા વર્ષ દરમિયાન પરત થવાપાત્ર) | મિલકતો | ચાલુ મિલકતો | ચાલુ રોકાણો |
| (6) લેણદારોને આપેલ એડવાન્સ | મિલકતો | ચાલુ મિલકતો | ટૂંકા ગાળાની લોન - ધિરાણ |
| (7) કૉપીરાઈટ | મિલકતો | બિનચાલુ મિલકતો | કાયમી મિલકતો - અદૃશ્ય |

| વિગત | પાકા સરવૈયાનું શીર્ષક | મુખ્ય શીર્ષક | પેટા શીર્ષક |
|---|---|---|---|
| (8) ડિબેન્ચર વટાવ (આવતા વર્ષે માંડી વાળવાનો છે.) | મિલકતો | ચાલુ મિલકતો | અન્ય ચાલુ મિલકતો |
| (9) ડિબેન્ચર વટાવ (આવતા વર્ષ બાદ માંડી વાળવાનો છે.) | મિલકતો | બિનચાલુ મિલકતો | અન્ય બિનચાલુ મિલકતો |
| (10) મ્યુચ્યુઅલ ફંડના યુનિટ (ટૂંકા ગાળા માટે) | મિલકતો | ચાલુ મિલકતો | ચાલુ રોકાણો |
| (11) અન્ય કંપનીના શૅર (લાંબા ગાળા માટે) | મિલકતો | બિનચાલુ મિલકતો | બિનચાલુ રોકાણો |
| (12) અર્ધતૈયાર માલ | મિલકતો | ચાલુ મિલકતો | માલસામગ્રી |
| (13) વાહનો | મિલકતો | બિનચાલુ મિલકતો | કાયમી મિલકતો - દૃશ્ય |
| (14) દેવાદારો પાસેથી મળેલ ચેક | મિલકતો | ચાલુ મિલકતો | રોકડ અને રોકડ સમકક્ષ |
| (15) રોકાણો પર મળવાનું બાકી વ્યાજ | મિલકતો | ચાલુ મિલકતો | અન્ય ચાલુ મિલકતો |
| (16) કમ્પ્યૂટર | મિલકતો | બિનચાલુ મિલકતો | કાયમી મિલકતો - દૃશ્ય |
| (17) કમ્પ્યૂટર સૉફ્ટવેર | મિલકતો | બિનચાલુ મિલકતો | કાયમી મિલકતો - અદૃશ્ય |
| (18) અગાઉથી ચૂકવેલ ભાડું | મિલકતો | ચાલુ મિલકતો | અન્ય ચાલુ મિલકતો |
| (19) યંત્રો | મિલકતો | બિનચાલુ મિલકતો | કાયમી મિલકતો - દૃશ્ય |
| (20) યંત્રો (આવતા વર્ષે વેચાણપાત્ર) | મિલકતો | ચાલુ મિલકતો | અન્ય ચાલુ મિલકતો |

**ઉદાહરણ 8 :** નીચેની બાકીઓ વિજય લિમિટેડના ચોપડાઓમાંથી તા. 31-3-2017ના રોજ લેવામાં આવી છે. આ બાકીઓ પરથી કંપનીધારા 2013ના પરિશિષ્ટ III મુજબ કંપનીના તા. 31-3-2017ના રોજના પાકા સરૈવયાની મિલકત બાજુ તૈયાર કરો.

| બાકી | (₹) |
|---|---|
| (1) કાયમી મિલકતો - દૃશ્ય | 8,00,000 |
| (2) રોકડ અને રોકડ સમકક્ષ | 60,000 |
| (3) લાંબા ગાળાની લોન અને ધિરાણ | 34,000 |
| (4) માલસામગ્રી | 43,000 |
| (5) અન્ય બિનચાલુ મિલકતો | 31,000 |
| (6) બિનચાલુ રોકાણો | 27,000 |
| (7) ચાલુ રોકાણો | 29,000 |
| (8) વેપારી લેણાં | 56,000 |
| (9) ટૂંકા ગાળાની લોન-ધિરાણ | 40,000 |
| (10) અન્ય ચાલુ મિલકતો | 10,000 |
| (11) કાયમી મિલકતો - અદૃશ્ય | 50,000 |

જવાબ :

**વિજય લિમિટેડનું તા. 31-3-2017ના રોજનું પાકું સરવૈયું**

| **વિગત** | **નોંધ નંબર** | **રકમ (₹)** | **તા. 31-3-2017ના રોજ (₹)** |
|---|---|---|---|
| **મિલકતો :** | | | |
| **(1) બિનચાલુ મિલકતો :** | | | |
| (a) કાયમી મિલકતો | | | |
| (i) દૃશ્ય | | 8,00,000 | |
| (ii) અદૃશ્ય | | 50,000 | |
| (b) બિનચાલુ રોકાણો | | 27,000 | |
| (c) લાંબા ગાળાની લોન-ધિરાણ | | 34,000 | |
| (d) અન્ય બિનચાલુ મિલકતો | | 31,000 | 9,42,000 |
| **(2) ચાલુ મિલકતો :** | | | |
| (a) ચાલુ રોકાણો | | 29,000 | |
| (b) માલસામગ્રી | | 43,000 | |
| (c) વેપારી લેણાં | | 56,000 | |
| (d) રોકડ અને રોકડ સમકક્ષ | | 60,000 | |
| (e) ટૂંકા ગાળાની લોન-ધિરાણ | | 40,000 | |
| (f) અન્ય ચાલુ મિલકતો | | 10,000 | 2,38,000 |
| **કુલ** | | | **11,80,000** |

**ઉદાહરણ 9 :** નીચેની બાકીઓ ગુજરાત લિમિટેડના ચોપડામાંથી તા. 31-3-2017ના રોજ લેવામાં આવી છે. આ બાકીઓ પરથી કંપનીધારા 2013ના પરિશિષ્ટ III મુજબ પાકા સરવૈયાની મિલકતો દર્શાવતું પત્રક તૈયાર કરો.

| **બાકી** | **(₹)** |
|---|---|
| (1) મળવાનું બાકી વ્યાજ | 3000 |
| (2) પ્લાન્ટ-યંત્રો | 6,00,000 |
| (3) રોકડ હાથ પર | 37,000 |
| (4) ટ્રેડમાર્ક | 20,000 |
| (5) દેવાદારો | 42,000 |
| (6) 10 %ના નર્મદા બોન્ડ | 70,000 |
| (7) છૂટા ભાગો | 18,000 |
| (8) ટેલિફોન ડિપોઝિટ | 30,000 |
| (9) મ્યુચ્યુઅલ ફંડના યુનીટ (કામચલાઉ) | 10,000 |

જવાબ :

**ગુજરાત લિમિટેડનું તા. 31-3-2017ના રોજનું પાકું સરવૈયું**

| વિગત | નોંધ નંબર | રકમ (₹) | રકમ (₹) |
|---|---|---|---|
| **મિલકતો :** | | | |
| **(1) બિનચાલુ મિલકતો :** | | | |
| (a) કાયમી મિલકતો | | | |
| (i) દૃશ્ય (પ્લાન્ટ-યંત્રો) | | 6,00,000 | |
| (ii) અદૃશ્ય (ટ્રેડમાર્ક) | | 20,000 | |
| (b) બિનચાલુ રોકાણો (10 %ના નર્મદા બોન્ડ) | | 70,000 | |
| (c) લાંબા ગાળાની લોન-ધિરાણ (ટેલિફોન ડિપોઝીટ) | | 30,000 | |
| (d) અન્ય બિનચાલુ મિલકતો | | – | 7,20,000 |
| **(2) ચાલુ મિલકતો :** | | | |
| (a) ચાલુ રોકાણો (મ્યુચ્યુઅલ ફંડના યુનીટ-કામચલાઉ) | | 10,000 | |
| (b) માલસામગ્રી (છૂટા ભાગો) | | 18,000 | |
| (c) વેપારી લેણાં (દેવાદારો) | | 42,000 | |
| (d) રોકડ અને રોકડ સમકક્ષ (રોકડ હાથ પર) | | 37,000 | |
| (e) ટૂંકા ગાળાની લોન-ધિરાણ | | – | |
| (f) અન્ય ચાલુ મિલકતો (મળવાનું બાકી વ્યાજ) | | 3000 | 1,10,000 |
| **કુલ** | | | **8,30,000** |

**ઉદાહરણ 10 :** નીચેની બાકીઓ સ્ટાર લિમિટેડના ચોપડામાંથી લેવામાં આવી છે. આ બાકીઓ પરથી તા. 31 માર્ચ, 2017ના રોજનું પાકું સરવૈયું કંપનીધારા-2013ના પરિશિષ્ટ-III મુજબ તૈયાર કરો.

| બાકી | (₹) |
|---|---|
| (1) મળવાનું બાકી કમિશન | 20,000 |
| (2) જમીન-મકાન | 10,00,000 |
| (3) ઇક્વિટી શૅરમૂડી | 10,00,000 |
| (4) બૅન્ક સિલક | 45,000 |
| (5) સામાન્ય અનામત | 20,000 |
| (6) આખર સ્ટૉક | 1,80,000 |
| (7) લેણદારો | 4,00,000 |
| (8) દેવાદારો | 2,30,000 |
| (9) 10 %ના ડિબેન્ચર | 1,30,000 |
| (10) ડિબેન્ચર પરતનિધિના રોકાણો | 30,000 |
| (11) કસ્ટમ ડિપોઝીટ | 1,25,000 |
| (12) ગ્રેજ્યુઇટી ફંડ | 20,000 |
| (13) કરવેરાની જોગવાઈ | 60,000 |

જવાબ :

## સ્ટાર લિમિટેડનું તા. 31-3-2017ના રોજનું પાકું સરવૈયું

| વિગત | નોંધ નંબર | રકમ (₹) | રકમ (₹) |
|---|---|---|---|
| **I ઈક્વિટી અને જવાબદારીઓ :** | | | |
| **(1) શૅરહોલ્ડર્સનાં ભંડોળો :** | | | |
| (a) શૅરમૂડી (ઈક્વિટી શૅરમૂડી) | | 10,00,000 | |
| (b) અનામત અને વધારો (સામાન્ય અનામત)) | | 20,000 | 10,20,000 |
| **(2) બિનચાલુ જવાબદારીઓ :** | | | |
| (a) લાંબા ગાળાનાં ઉછીનાં નાણાં (10 %ના ડિબેન્ચર) | | 1,30,000 | |
| (b) અન્ય લાંબા ગાળાની જવાબદારીઓ | | – | |
| (c) લાંબા ગાળાની જોગવાઈઓ (ગ્રેજ્યુઇટી ફંડ) | | 20,000 | 1,50,000 |
| **(3) ચાલુ જવાબદારીઓ** | | | |
| (a) ટૂંકા ગાળાનાં ઉછીનાં નાણાં | | – | |
| (b) વેપારી દેવાં (લેણદારો) | | 4,00,000 | |
| (c) અન્ય ચાલુ જવાબદારીઓ | | – | |
| (d) ટૂંકા ગાળાની જોગવાઈઓ (કરવેરાની જોગવાઈ) | | 60,000 | 4,60,000 |
| **કુલ** | | | **16,30,000** |
| **II મિલકતો :** | | | |
| **(1) બિનચાલુ મિલકતો :** | | | |
| (a) કાયમી મિલકતો | | | |
| (i) દૃશ્ય (જમીન-મકાન) | | 10,00,000 | |
| (ii) અદૃશ્ય | | – | |
| (b) બિનચાલુ રોકાણો (ડિબેન્ચર પરતનિધિના રોકાણો) | | 30,000 | |
| (c) લાંબા ગાળાની લોન-ધિરાણ (કસ્ટમ ડિપોઝીટ) | | 1,25,000 | |
| (d) અન્ય બિનચાલુ મિલકતો | | – | 11,55,000 |
| **(2) ચાલુ મિલકતો :** | | | |
| (a) ચાલુ રોકાણો | | – | |
| (b) માલસામગ્રી (આખરસ્ટૉક) | | 1,80,000 | |
| (c) વેપારી લેણાં (દેવાદારો) | | 2,30,000 | |
| (d) રોકડ અને રોકડ સમકક્ષ (બૅન્ક સિલક) | | 45,000 | |
| (e) ટૂંકા ગાળાની લોન-ધિરાણ | | – | |
| (f) અન્ય ચાલુ મિલકતો | | 20,000 | 4,75,000 |
| **કુલ** | | | **16,30,000** |

**ઉદાહરણ 11 :** નીચેની બાકીઓ કંપનીધારા 2013ના પરિશિષ્ટ IIIમાં દર્શાવ્યા પ્રમાણે નફા-નુકસાનના પત્રકમાં કયા શીર્ષક હેઠળ દર્શાવશો તે જણાવો.

(1) વેચાણ
(2) પગાર
(3) મળેલ વ્યાજ અને ડિવિડન્ડ
(4) ભંગારની ઊપજ
(5) ઘસારો
(6) તાર-ટપાલ
(7) લોન પર વ્યાજ
(8) બૉનસ
(9) બૅન્કચાર્જિસ
(10) વેચાણ ખર્ચા

**જવાબ :**

| બાકી | શીર્ષક |
|---|---|
| (1) વેચાણ | કામગીરીમાંથી ઊપજ |
| (2) પગાર | કર્મચારી લાભના ખર્ચા |
| (3) મળેલ વ્યાજ અને ડિવિડન્ડ | અન્ય ઊપજ |
| (4) ભંગારની ઊપજ | અન્ય ઊપજ |
| (5) ઘસારો | ઘસારો અને માંડી વાળેલ ખર્ચા |
| (6) તાર-ટપાલ | અન્ય ખર્ચા |
| (7) લોન પર વ્યાજ | નાણાકીય પડતર |
| (8) બૉનસ | કર્મચારી લાભના ખર્ચા |
| (9) બૅન્કચાર્જિસ | અન્ય ખર્ચા |
| (10) વેચાણ ખર્ચા | અન્ય ખર્ચા |

**ઉદાહરણ 12 :** તા. 31-3-2017ના રોજ પૂરા થતાં વર્ષની પારસ લિમિટેડની માહિતી પરથી કંપનીધારા 2013ના પરિશિષ્ટ III મુજબ નફા-નુકસાનનું પત્રક તૈયાર કરો.

| વિગત | રકમ (₹) |
|---|---|
| વપરાયેલ માલની પડતર | 6,25,000 |
| તૈયાર માલના સ્ટૉકમાં ફેરફાર | 40,000 |
| કર્મચારીનો પગાર અને કર્મચારી માટે જોગવાઈઓ | 2,60,000 |
| વેચાણ | 12,70,000 |
| ચૂકવેલ વ્યાજ | 30,000 |
| ઑફિસ અને વેચાણ ખર્ચા | 52,000 |
| કાયમી મિલકતો પર ઘસારો | 28,000 |
| મિલકત વેચાણનો નફો | 35,000 |
| કરવેરાની જોગવાઈ નફાના 50 ટકા | |

જવાબ :

**તા. 31-3-2017ના રોજ પૂરા થતા વર્ષનું નફા-નુકસાનનું પત્રક**

| | વિગત | નોંધ નંબર | રકમ (₹) | તા. 31-3-2017ના રોજ (₹) પૂરા થતા વર્ષ માટે |
|---|---|---|---|---|
| I | કામગીરીમાંથી ઊપજ | | 12,70,000 | |
| II | અન્ય ઊપજ | | 35,000 | |
| III | **કુલ ઊપજ (I + II)** | | | **13,05,000** |
| IV | **ખર્ચાઓ :** | | | |
| | વપરાયેલ માલની પડતર | | 6,25,000 | |
| | તૈયાર માલના સ્ટૉકમાં ફેરફાર | | 40,000 | |
| | કર્મચારી લાભનાં ખર્ચા | | 2,60,000 | |
| | નાણાકીય પડતર | | 30,000 | |
| | ઘસારો | | 28,000 | |
| | અન્ય ખર્ચા | | 52,000 | |
| | **કુલ ખર્ચા** | | | **10,35,000** |
| V | કરવેરા પહેલાંનો નફો (III – IV) | | | 2,70,000 |
| VI | કરવેરાની જોગવાઈ | | | 1,35,000 |
| VII | કરવેરા બાદ નફો (V – VI) | | | 1,35,000 |

**ઉદાહરણ 13 :** નીચે આપેલ બાકીઓ પરથી તા. 31-3-2017ના રોજ પૂરા થતા વર્ષ માટે શ્રી સહજાનંદ લિમિટેડનું કંપનીધારા 2013ના પરિશિષ્ટ-III અનુસાર નફા-નુકસાનનું પત્રક તૈયાર કરો :

| વિગત | રકમ (₹) |
|---|---|
| ઑફિસ અને વેચાણ ખર્ચા | 40,000 |
| વેચાણ | 16,00,000 |
| પગાર | 5,00,000 |
| મજૂરી | 40,000 |
| ખરીદી | 7,10,000 |
| શરૂઆતનો સ્ટૉક | 60,000 |
| ડિબેન્ચર વ્યાજ | 20,000 |
| રોકાણોના વેચાણનો નફો | 26,000 |
| આખર સ્ટૉક | 70,000 |
| કરવેરાની જોગવાઈ | 1,63,000 |

જવાબ : **શ્રી સહજાનંદ લિમિટેડનું તા. 31-3-2017ના રોજ પૂરા થતા વર્ષનું નફા-નુકસાનનું પત્રક**

| | વિગત | નોંધ નંબર | રકમ (₹) | રકમ (₹) |
|---|---|---|---|---|
| I | કામગીરીમાંથી ઊપજ (વેચાણ) | | 16,00,000 | |
| II | અન્ય ઊપજ (રોકાણોના વેચાણનો નફો) | | 26,000 | |
| **III** | **કુલ ઊપજ (I + II)** | | | **16,26,000** |
| **IV** | **ખર્ચાઓ :** | | | |
| | ખરીદી | | 7,10,000 | |
| | તૈયાર માલના સ્ટૉકમાં ફેરફાર | | (10,000) | |
| | (શરૂનો સ્ટૉક ₹ 60,000 – આખરસ્ટૉક ₹ 70,000) | | | |
| | કર્મચારી લાભનાં ખર્ચા (પગાર + મજૂરી) | | 5,40,000 | |
| | નાણાકીય પડતર (ડિબેન્ચર વ્યાજ) | | 20,000 | |
| | ઘસારો | | – | |
| | અન્ય ખર્ચા (ઑફિસ અને વેચાણ ખર્ચા) | | 40,000 | |
| | **કુલ ખર્ચા** | | | **13,00,000** |
| V | કરવેરા પહેલાંનો નફો (III – IV) | | | 3,26,000 |
| VI | કરવેરાની જોગવાઈ | | | 1,63,000 |
| **VII** | કરવેરા બાદ નફો (V – VI) | | | **1,63,000** |
| | (પાકા સરવૈયામાં લઈ ગયા) | | | |

**ઉદાહરણ 14 :** તા. 31-3-2017ના રોજનું શિવમ્ લિમિટેડનું કાચું સરવૈયું નીચે મુજબ છે :

| વિગત | ઉધાર (₹) | જમા (₹) |
|---|---|---|
| માલસામગ્રી | 1,10,000 | |
| કાયમી મિલકતો - દૃશ્ય | 8,00,000 | |
| 5000 ઈક્વિટી શૅર દરેક ₹ 100નો તેવા | | 5,00,000 |
| વેચાણ | | 7,50,000 |
| અન્ય ઊપજ | | 20,000 |
| કર્મચારી લાભના ખર્ચા | 1,30,000 | |
| લાંબા ગાળાનાં ઉછીનાં નાણાં | | 3,50,000 |
| નાણાકીય પડતર | 17,500 | |
| વેપારી દેવાં | | 1,00,000 |
| વેપારી લેણાં | 40,000 | |
| રોકડ અને બૅન્કસિલક | 60,000 | |
| ઘસારો | 22,500 | |
| વેચેલ માલની પડતર | 4,00,000 | |
| બિનચાલુ રોકાણો | 1,40,000 | |
| | **17,20,000** | **17,20,000** |

**વધારાની માહિતી :** કરવેરાની જોગવાઈ ₹ 80,000 કરો.

કંપનીધારા 2013ના પરિશિષ્ટ III મુજબ કંપનીના વાર્ષિક હિસાબો તૈયાર કરો.

**જવાબ : શિવમ્ લિમિટેડનું તા. 31-3-2017ના રોજ પૂરા થતા વર્ષ માટે નફા-નુકસાનનું પત્રક**

| | વિગત | નોંધ નંબર | રકમ (₹) | રકમ (₹) |
|---|---|---|---|---|
| I | કામગીરીમાંથી ઊપજ (વેચાણ) | | 7,50,000 | |
| II | અન્ય ઊપજ | | 20,000 | |
| **III** | **કુલ ઊપજ (I + II)** | | | **7,70,000** |
| **IV** | **ખર્ચાઓ :** | | | |
| | વેચેલ માલની પડતર | | 4,00,000 | |
| | કર્મચારીઓને લગતાં ખર્ચા | | 1,30,000 | |
| | નાણાકીય પડતર | | 17,500 | |
| | ઘસારો | | 22,500 | |
| | અન્ય ખર્ચા | | – | |
| | **કુલ ખર્ચા** | | | **5,70,000** |
| V | કરવેરા પહેલાંનો નફો (III – IV) | | | 2,00,000 |
| VI | કરવેરાની જોગવાઈ | | | 80,000 |
| **VII** | કરવેરા બાદ નફો (V – VI) | | | **1,20,000** |
| | (પાકા સરવૈયામાં લઈ ગયા) | | | |

**શિવમ્ લિમિટેડનું તા. 31-3-2017ના રોજનું પાકું સરવૈયું**

| | વિગત | નોંધ નંબર | રકમ (₹) | રકમ (₹) |
|---|---|---|---|---|
| I | **ઇક્વિટી અને જવાબદારીઓ :** | | | |
| (1) | **શૅરહોલ્ડર્સના ભંડોળો :** | | | |
| | (a) શૅરમૂડી | | 5,00,000 | |
| | (b) અનામત અને વધારો (ચોખ્ખો નફો બાકી) | | 1,20,000 | 6,20,000 |
| (2) | **બિનચાલુ જવાબદારીઓ :** | | | |
| | (a) લાંબા ગાળાનાં ઉછીનાં નાણાં | | 3,50,000 | 3,50,000 |
| (3) | **ચાલુ જવાબદારીઓ** | | | |
| | (a) વેપારી દેવાં | | 1,00,000 | |
| | (b) ટૂંકા ગાળાની જોગવાઈઓ | | 80,000 | 1,80,000 |
| | **કુલ** | | | **11,50,000** |

| વિગત | નોંધ નંબર | રકમ (₹) | રકમ (₹) |
|---|---|---|---|
| **II મિલકતો :** | | | |
| **(1) બિનચાલુ મિલકતો :** | | | |
| (a) કાયમી મિલકતો : દૃશ્ય | | 8,00,000 | |
| (b) બિનચાલુ રોકાણો | | 1,40,000 | 9,40,000 |
| **(2) ચાલુ મિલકતો :** | | | |
| (b) માલસામગ્રી | | 1,10,000 | |
| (c) વેપારી લેણાં | | 40,000 | |
| (d) રોકડ અને રોકડ સમકક્ષ (રોકડ અને બૅન્કસિલક) | | 60,000 | 2,10,000 |
| **કુલ** | | | **11,50,000** |

**સમજૂતી :**

(1) પ્રશ્નમાં વેચેલ માલની પડતર આપેલ હોવાથી નફા-નુકસાનના પત્રકમાં ખરીદી અને સ્ટૉકમાં ફેરફાર નોંધાશે નહિ. કારણ કે વેચેલ માલની પડતર = ખરીદી + શરૂનો સ્ટૉક − આખરનો સ્ટૉક

(2) કરવેરાની જોગવાઈ ₹ 80,000 હવાલા તરીકે આપેલ છે, તેથી તેની બે અસર આવશે : (i) નફા-નુકસાનના પત્રકમાં કરવેરા પહેલાનાં નફામાંથી બાદ થશે. (ii) પાકા સરવૈયામાં ટૂંકા ગાળાની જોગવાઈ તરીકે દર્શાવાશે.

(3) પ્રશ્નમાં નહિ આપેલ વિગતો જેવી કે અન્ય ખર્ચા, અન્ય લાંબાગાળાની જવાબદારીઓ, લાંબાગાળાની જોગવાઈઓ, અન્ય ચાલુ જવાબદારીઓ, અદૃશ્ય કાયમી મિલકતો, લાંબાગાળાની લોન-ધિરાણ, અન્ય બિનચાલુ મિલકત, ટૂંકાગાળાની લોન.

## સ્વાધ્યાય

**1. દરેક પ્રશ્ન માટે યોગ્ય વિકલ્પ પસંદ કરો :**

(1) કંપનીનાં નાણાકીય પત્રકોમાં ...........નો સમાવેશ થાય છે.

(અ) નફા-નુકસાનનું પત્રક અને પાકું સરવૈયું

(બ) રોકડ પ્રવાહ પત્રક અને ઇક્વિટીમાં ફેરફાર દર્શાવતું પત્રક

(ક) હિસાબોને લગતી નોંધો

(ડ) ઉપરના બધા જ

(2) કંપનીધારા 2013ના પરિશિષ્ટ-III મુજબ નફા-નુકસાનનું પત્રક અને પાકું સરવૈયું ......... સ્વરૂપમાં તૈયાર કરવું ફરજિયાત છે.

(અ) આડા કે T

(બ) ઊભા

(ક) નફા-નુકસાનનું પત્રક આડા સ્વરૂપે અને પાકું સરવૈયું ઊભા

(ડ) નફા-નુકસાનનું પત્રક ઊભા સ્વરૂપે અને પાકું સરવૈયું આડા

(3) કંપનીધારા 2013ના પરિશિષ્ટ-III મુજબ .......... નિર્ધારિત નમૂનામાં જ તૈયાર કરવું/કરવા ફરજિયાત છે.

(અ) પાકું સરવૈયું

(બ) નફા-નુકસાનનું પત્રક

(ક) પાકું સરવૈયું અને નફા-નુકસાનનું પત્રક બંને

(ડ) પાકું સરવૈયું અને નફા-નુકસાનના પત્રકમાંથી એક પણ નહિ

(4) .......... માટે નફા-નુકસાનનું પત્રક તેમજ પાકું સરવૈયું ઊભા સ્વરૂપે નિર્ધારિત નમૂનામાં જ તૈયાર કરવું ફરજિયાત છે.

(અ) એકાંકી વેપારી પેઢી

(બ) ભાગીદારી પેઢી

(ક) બધી જ કંપનીઓ

(ડ) વીમા કંપની, વીજળી કંપની અને બૅન્કિંગ કંપની સિવાયની કંપનીઓ

(5) પાકું સરવૈયું .......... જ્યારે નફા-નુકસાનનું પત્રક .......... તૈયાર કરવામાં આવે છે.

(અ) ચોક્કસ હિસાબી સમય માટે, ચોક્કસ દિવસના રોજ

(બ) ચોક્કસ દિવસના રોજ, ચોક્કસ હિસાબી સમય માટે

(ક) ચોક્કસ દિવસના રોજ, ચોક્કસ દિવસના રોજ

(ડ) ચોક્કસ હિસાબી સમય માટે, ચોક્કસ હિસાબી સમય માટે

(6) .......... એ કંપનીની નાણાકીય સ્થિતિ દર્શાવે છે, જ્યારે .......... એ નાણાકીય દેખાવ દર્શાવે છે.

(અ) નફા-નુકસાનનું પત્રક, રોકડ પ્રવાહ પત્રક (બ) પાકું સરવૈયું, રોકડ પ્રવાહ પત્રક

(ક) નફા-નુકસાનનું પત્રક, પાકું સરવૈયું (ડ) પાકું સરવૈયું, નફા-નુકસાનનું પત્રક

(7) કંપનીધારા 2013 અનુસાર કંપનીની મિલકતો અને જવાબદારીઓને .......... અને ..........માં વર્ગીકૃત કરવામાં આવેલ છે.

(અ) ચાલુ, કાયમી (બ) કાયમી, કાયમી

(ક) ટૂંકા ગાળા માટે, લાંબા ગાળા માટે (ડ) ચાલુ, બિનચાલુ

(8) .......... મિલકતને ચાલુ મિલકત તરીકે ગણવામાં આવે છે.

(અ) પાકા સરવૈયાની તારીખ પછીના 12 માસ દરમિયાન રોકડમાં રૂપાંતર થવાપાત્ર

(બ) પાકા સરવૈયાની તારીખ પછીના 12 માસ દરમિયાન વેચાણપાત્ર

(ક) પાકા સરવૈયાની તારીખ પછીના 12 માસ દરમિયાન વપરાશપાત્ર

(ડ) ઉપરના બધા જ

(9) કંપનીધારા 2013 અનુસાર પાકા સરવૈયા પછીના 12 માસ દરમિયાન વેચાણપાત્ર યંત્રને .......... કહે છે.

(અ) કાયમી મિલકત (બ) બિનચાલુ મિલકત

(ક) ચાલુ મિલકત (ડ) ખર્ચ

**2. નીચેના પ્રશ્નોના બે કે ત્રણ વાક્યમાં જવાબ આપો :**

(1) નાણાકીય પત્રકો એટલે શું ?

(2) નાણાકીય પત્રકોમાં શાનો સમાવેશ થાય છે ?

(3) નાણાકીય પત્રકોનાં લક્ષણો જણાવો.

(4) નાણાકીય પત્રકો તૈયાર કરવાના હેતુઓ જણાવો.

(5) કંપનીધારા 2013ના પરિશિષ્ટ-III મુજબ ઇક્વિટી અને જવાબદારી હેઠળ સમાવાતાં મુખ્ય શીર્ષકો જણાવો.

(6) બિનચાલુ જવાબદારીઓનું વર્ગીકરણ દર્શાવો.

(7) કંપનીધારા 2013ના પરિશિષ્ટ-III અનુસાર ચાલુ જવાબદારીઓનું વર્ગીકરણ દર્શાવો.

(8) ચાલુ મિલકત અને બિનચાલુ મિલકત એટલે શું ?

(9) ચાલુ જવાબદારી અને બિનચાલુ જવાબદારી એટલે શું ?

(10) કંપનીધારા 2013ના પરિશિષ્ટ-III મુજબ ચાલુ મિલકતોનું વર્ગીકરણ દર્શાવો.

**3.** નીચેની વિગતો કંપનીધારા 2013ના પરિશિષ્ટ-III મુજબ કંપનીના પાકા સરવૈયામાં કેવી રીતે દર્શાવશો તે જણાવો :

(1) લેણદારો
(2) જામીનગીરી પ્રીમિયમ
(3) બૉન્ડ
(4) પાઘડી
(5) બૅન્ક ઑવરડ્રાફ્ટ
(6) લેણીહૂંડી
(7) ઇક્વિટી શૅરમૂડી
(8) કૉપીરાઇટ
(9) ડિબેન્ચર વટાવ (આવતા વર્ષે માંડી વાળવાનો)
(10) અગાઉથી મળેલ હપતા
(11) રોકડ
(12) પ્રોવિડન્ટ ફંડ
(13) ડિબેન્ચર
(14) ટ્રેડમાર્ક
(15) છૂટા ભાગો
(16) લોન (આવતા વર્ષે ચૂકવવાપાત્ર)
(17) દેવીહૂંડી
(18) સામાન્ય અનામત
(19) જાહેર થાપણ
(20) દેવાદારો
(21) પેટન્ટ
(22) બાકી હપ્તા
(23) ડિબેન્ચર પરતનિધિનાં રોકાણો
(24) સ્ટોર્સ અને છૂટા ભાગો
(25) લાયસન્સ
(26) આખરસ્ટૉક
(27) બૅન્કસિલક
(28) નફા-નુકસાન ખાતાનો વધારો
(29) વીજળી કંપનીમાં ડિપોઝિટ
(30) પ્રેફરન્સ શૅર પરત પ્રીમિયમ

**4.** નીચેની બાકીઓ સીમા લિમિટેડના ચોપડાઓમાંથી તા. 31-3-2017ના રોજ લેવામાં આવી છે. આ બાકીઓ પરથી કંપનીધારા 2013ના પરિશિષ્ટ-III મુજબ કંપનીનું તા. 31-3-2017ના રોજના પાકા સરવૈયાની મિલકતો દર્શાવતું પત્રક તૈયાર કરો.

| બાકી | (₹) |
|---|---|
| (1) ચાલુ રોકાણો | 12,000 |
| (2) ટૂંકા ગાળાની લોન-ધિરાણ | 16,000 |
| (3) અન્ય ચાલુ મિલકતો | 7200 |
| (4) કાયમી મિલકતો - દૃશ્ય | 5,60,000 |
| (5) રોકડ અને રોકડ સમકક્ષ | 14,000 |
| (6) માલસામગ્રી | 46,000 |
| (7) વેપારી લેણાં | 15,800 |
| (8) અન્ય બિનચાલુ મિલકતો | 18,000 |
| (9) બિનચાલુ રોકાણો | 26,000 |
| (10) કાયમી મિલકતો - અદૃશ્ય | 1,20,000 |
| (11) લાંબા ગાળાની લોન-ધિરાણ | 22,000 |

**5.** નીચેની બાકીઓ યુવા લિમિટેડના ચોપડામાંથી તા. 31-3-2017ના રોજ લેવામાં આવી છે. આ બાકીઓ પરથી તા. 31-3-2017ના રોજના પાકા સરવૈયાની ઇક્વિટી અને જવાબદારી દર્શાવતું કંપનીધારા, 2013ના પરિશિષ્ટ-III પ્રમાણેનું પત્રક તૈયાર કરો.

| બાકી | રકમ (₹) |
|---|---|
| (1) 1,30,000 ઇક્વિટી શૅર, દરેક ₹ 5નો તેવા | 6,50,000 |
| (2) સામાન્ય અનામત | 70,000 |
| (3) પ્રોવિડન્ટ ફંડ | 3,60,000 |
| (4) લેણદારો | 86,000 |
| (5) જાહેર થાપણ | 3,26,000 |
| (6) ભાડું ચૂકવવાનું બાકી | 13,000 |
| (7) કરવેરાની જોગવાઈ | 68,000 |
| (8) અન્ય લાંબાગાળાની જવાબદારી | 15,000 |
| (9) કામચલાઉ લોન (જમા બાકી) | 12,000 |

**6.** નીચે આપેલ બાકીઓ મૂન લિમિટેડના ચોપડાઓમાંથી લેવામાં આવી છે. આ બાકીઓ પરથી તા. 31-3-2017ના રોજનું પાકું સરવૈયું કંપનીધારા 2013ના પરિશિષ્ટ-III મુજબ તૈયાર કરો.

| બાકી | રકમ (₹) |
|---|---|
| (1) મળવાનું બાકી વ્યાજ | 30,000 |
| (2) પ્લાન્ટ-યંત્રો | 15,00,000 |
| (3) ઇક્વિટી શૅરમૂડી | 15,00,000 |
| (4) બૅન્કસિલક અને રોકડ | 67,500 |
| (5) સામાન્ય અનામત | 30,000 |
| (6) આખરસ્ટૉક | 2,70,000 |
| (7) લેણદારો | 6,00,000 |
| (8) દેવાદારો | 3,45,000 |
| (9) કરવેરાની જોગવાઈ | 90,000 |
| (10) 12 %ની બૅન્ક લોન | 1,95,000 |
| (11) બિનચાલુ રોકાણો | 45,000 |
| (12) ઇલેક્ટ્રિસીટી ડિપોઝીટ | 1,87,500 |
| (13) પ્રોવિડન્ટ ફંડ | 30,000 |

**7.** નીચેની બાકીઓ કંપનીધારા 2013ના પરિશિષ્ટ-IIIમાં દર્શાવ્યા પ્રમાણે કંપનીના નફા-નુકસાનના પત્રકમાં કયા શીર્ષક હેઠળ દર્શાવશો ?

(1) વેચાણ
(2) પગાર
(3) ઘસારો
(4) ઘાલખાધ પરત
(5) ડિબેન્ચર વ્યાજ
(6) ઑડિટ ફી
(7) ભંગારની ઊપજ
(8) મિલકત વેચાણનો નફો
(9) જાહેરાત ખર્ચ
(10) પ્રોવિડન્ટ ફંડમાં ફાળો
(11) બૅન્ક ઑવરડ્રાફ્ટનું વ્યાજ
(12) બૅન્ક ચાર્જીસ
(13) કર્મચારીઓને બૉનસ
(14) માંડી વાળેલ ડિબેન્ચર વટાવ

**8.** તા. 31-3-2017ના રોજ પૂરા થતા વર્ષ માટે પટેલ લિમિટેડની માહિતી પરથી કંપનીધારા 2013ના પરિશિષ્ટ-III મુજબ નફા-નુકસાનનું પત્રક તૈયાર કરો.

| બાકી | રકમ (₹) |
|---|---|
| (1) ભંગારનું વેચાણ | 10,500 |
| (2) વપરાયેલ માલની પડતર | 1,87,500 |
| (3) પગાર | 78,000 |
| (4) ચૂકવેલ વ્યાજ | 9000 |
| (5) વેચાણ | 3,81,000 |
| (6) તૈયાર માલના સ્ટૉકમાં ફેરફાર | 12,000 |
| (7) ઑફિસ અને વહીવટી ખર્ચા | 15,600 |
| (8) ઘસારો | 84,000 |
| (9) કરવેરાની જોગવાઈ નફાના 30 % કરો. | |

**9.** તા. 31-3-2017ના રોજનું કેયુર લિમિટેડનું કાચું સરવૈયું નીચે મુજબ છે :

| વિગત | ઉધાર (₹) | જમા (₹) |
|---|---|---|
| ઇક્વિટી શૅરમૂડી | | 2,40,000 |
| ઑફિસ અને વેચાણ ખર્ચ | 24,000 | |
| ખરીદી | 4,26,000 | |
| 10 %ના ડિબેન્ચર | | 1,20,000 |
| વેચાણ | | 9,60,000 |
| સૉફ્ટવેર | 1,20,000 | |
| મજૂરી | 24,000 | |
| ડિબેન્ચર વ્યાજ | 12,000 | |
| પગાર | 3,00,000 | |
| બૅન્ક ઑવરડ્રાફ્ટ | | 14,400 |
| જમીન-મકાન | 2,28,000 | |
| શરૂઆતનો સ્ટૉક | 36,000 | |
| મળેલ વટાવ | | 15,600 |
| દેવાદારો | 1,80,000 | |
| | **13,50,000** | **13,50,000** |

**અન્ય માહિતી :**

(1) આખરસ્ટૉક ₹ 42,000

(2) નફાના 50 % કરવેરાની જોગવાઈ કરો.

આપેલ વિગતો પરથી તા. 31-3-2017ના રોજ પૂરા થતા વર્ષ માટે કંપનીધારા 2013ના પરિશિષ્ટ-III મુજબ વાર્ષિક હિસાબો તૈયાર કરો. હિસાબોને લગતી નોંધો જરૂરી નથી.

**10.** તા. 31-3-2017ના રોજનું પાર્થ લિમિટેડનું કાચું સરવૈયું નીચે મુજબ છે :

| વિગત | ઉધાર (₹) | જમા (₹) |
|---|---|---|
| વેચાણ | | 11,25,000 |
| કર્મચારી લાભના ખર્ચા | 1,95,000 | |
| માલસામગ્રી | 1,65,000 | |
| નાણાકીય પડતર | 26,250 | |
| જામીનગીરી પ્રીમિયમ | | 60,000 |
| કાયમી મિલકતો - દૃશ્ય | 12,00,000 | |
| વેપારી દેવાં | | 90,000 |
| ઇક્વિટી શૅરમૂડી | | 7,50,000 |
| વેપારી લેણાં | 60,000 | |
| અન્ય ઊપજ | | 30,000 |
| લાંબા ગાળાનાં ઉછીનાં નાણાં | | 5,25,000 |
| રોકડ અને બૅન્કસિલક | 90,000 | |
| ઘસારો | 33,750 | |
| વેચેલ માલની પડતર | 6,00,000 | |
| બિનચાલુ રોકાણો | 2,10,000 | |
| | **25,80,000** | **25,80,000** |

ઉપરની માહિતી પરથી કંપનીધારા 2013ના પરિશિષ્ટ-III મુજબ તા. 31-3-2017ના રોજ પૂરા થતાં વર્ષના વાર્ષિક હિસાબો તૈયાર કરો. હિસાબોને લગતી નોંધો જરૂરી નથી.

●